ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ ,અમદાવાદ.

# ગુજરાતી વિભાગ

શૈક્ષણિક વર્ષ : 2022-2023

Project Details

| અનુ ક્રમ | વિષય | અભ્યાસ | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|---|
| 1 | કોશવિજ્ઞાનનું મહત્વ | M.A SEM-IV | સાગર મનોજ ઓમપ્રકાશ |
| | | | સોલંકી નિસર્ગ દિલીપભાઈ |
| | | | પ્રતિક્ષા સુરેશભાઇ પરાશર |
| | | | વસાવા કોરિપના રમેશભાઈ |
| | | | ક્રિશ્રન એન્જલ સંજયભાઈ |

INDEX

| કોશવિજ્ઞાન | |
|---|---|
| અનુક્રમણિકા | પ્રકારણના નામ |
| 1 | 'કોશ' શબ્દની વ્યાખ્યા અને વિભાવના |
| 2 | 'કોશ'ના પ્રકારો |
| 3 | 'કોશ' નિર્માણ પ્રક્રિયાના તબક્કાઓ |
| 4 | 'કોશ' રચનાનો હેતુ અને જરૂરિયાત |
| 5 | ગુજરાતી ભાષાના મહત્વના કોશ |
| 6 | સૂચિ ગ્રંથોનું નિર્માણ ,ગુજરાતી સાહિત્યના સૂચિગ્રંથને સંદર્ભે |

પ્રકરણ : ૧.

'કોશ' એટલે શું ? તે જણાવી, તેની વિભાવના સ્પષ્ટ કરી તેના પ્રકાર જણાવો.

## પ્રસ્તાવના

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માનવ અને સમાજ એક સિક્કાની બે બાજૂ છે. તેથી આપણે 'માનવસમાજ' એવા શબ્દપ્રયોગ કરીએ છીએ સમૂહમાં વસવાટ કરવો. એ માનવોની આવશ્યકતા છે. માનવ અને સમાજ બન્નેનું જોડનું માધ્યમ ભાષા છે. ભાષા દ્વારા તેનું વાસ્તવિક સ્વરૂપ જોઈ શકાય છે. તેનું ઉપાદાન શબ્દ છે. શબ્દનો આધાર અર્થ છે. કોશ શબ્દ તથા તેના અર્થોનું પ્રતિબીંબ છે.

⇒ કોશ એટલે શું ? ઃ

'કોશ' કે 'કોષ' એટલે ભંડાર કે સંગ્રહ 'કોશ' અને 'કોષ' બન્ને જોડણી 'ઋગ્વેદ' માં આપી છે. કોઈ એ 'કોષ' નાં મૂળમાં 'કુશ' ધાતૂ જોયો છે. કોશ શબ્દનો અર્થ ઘેરવું, ઢાંકવું, પાતાનામાં રાખવું, સમય જતા કોશનો અર્થ પાતાન-માં રાખવું એ રીતે જોતા કોઠારમાં ડોલ, વાટકો, મિયાન, ઢાંકણું, ક્યારો, જોળી, ખોલ, વગેરે જેમાં કોઈપણ વસ્તું ભરવામાં આવે પણ પાછળથી શબ્દનાં અર્થમાં સંકોચ થતા જે આભુષણ વગેરે ભરવામાં વપરાય એવો ભંડાર કે ધનનો એવો અર્થ લેવામાં આવ્યો. અંગ્રેજીમાં 'Dictionary' કહેવામાં આવે છે.

# * કોશની વિભાવના *

જોડણીની એકરૂપતા તથા શુદ્ધિનો આગ્રહ વધે એ આશયથી ગુજરાત વિદ્યાપીઠે 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' માંથી કેટલાક અઘરા જણાતા શબ્દોની જોડણી તારવીને 'ખિસ્સા-કોશ' રૂપે કેવળ જોડણી કોશ પ્રગટ કર્યો હતો.

ગુજરાત વાર્નાક્યુલર સોસાયટી તરફથી પ્રગટ કરાયેલો વિશ્વનાથ મગનલાલ ભટ્ટ પ્રયોજીત 'પારિભાષિક કોશ' (1930) અત્યારના પ્રચલીત પારિભાષિક કોશથી એ ભિન્ન જુદો પડે છે. કે એમાં વિવિધ વિષયનાં અન્ય ગુજરાતી લેખકોએ પ્રયોજેલા કોશ આપવામાં આવે છે.

→ **વિશ્વકોશ :**

વિશ્વકોશનું સાહિત્ય પણ અપાર વૈવિધ્ય ધરાવે છે. સર્વસંગ્રાહક અને વિષયવાર વિશ્વકોશ એમ તેના બે મુખ્ય ભાગ પડે છે. સર્વસંગ્રાહક ~~અને વિષયવાર~~ વિશ્વકોશમાં જ્ઞાન-વિજ્ઞાનને લગતા તમામે-તમામ વિષયોનો લેખ આકારાદિ ક્રમે મુકવામાં આવે છે.

→ **બાળકો માટેના વિશ્વકોશ :**

બાળકો માટેના વિશ્વકોશ સચિત્ર સામગ્રીવાળા હોય છે. તેમાં બાળક સમજી શકે તેવી ભાષામાં મોટે ભાગે ચિત્રો દ્વારા સમજુતી આપેલી હોય છે. તેમાં વિષયોની પસંદગી પણ વયજુથ પ્રમાણે કરેલી હોય છે. માધ્યમિક શાળા-કક્ષાનાં જુનિયર સ્તરનાં વિશ્વકોશમાં લખાણ સરળ અને મર્યાદીત હોય છે. તેમાં પણ માહિતી પિરસવામાં રંગીન ચિત્રો, આકૃતિ, આલેખન વગેરેનો ઉપયોગ થાય છે

યુનિવર્સિટી કક્ષાના તથા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિ માટે ઉપયોગી ઉચ્ચ સ્તરના વિશ્વકોશમાં તમામ ક્ષેત્રમાં વિષયોનું નિરૂપણ તથા ટેકનીક અને છેલ્લામાં છેલ્લા સંશોધનને લક્ષમાં રાખીને કરાય છે.

→ **વિષયવાર વિશ્વકોશ :**

વિષયવાર વિશ્વકોશની બાબતમાં પણ પુષ્કળ વૈવિધ્ય જોવા મળે છે. વિશ્વકોશના ~~₹~~ પરિણામે વિશ્વના કોઈપણ વિષય, વ્યક્તિ, ઘટના, વિભાવના, શોધખોળ, વગેરે અંગે આધારભૂત અને વિગતવાર માહિતીનું હાથવગું સાધન સુલભ થયું છે. 'એન્સાઇક્લો- પીડિયા ~~[illegible]~~ ઓફ નોબેલ લૉરિયેટ્સ' માં નોબેલ પારિતોષિક વિજેતા મહાનુભાવોનાં જીવન તથા કાર્યની સંક્ષિપ્ત છતા પર્યાપ્ત અને અધિકૃત માહિતી મળી રહે છે.

→ **વિશ્વકોશ જ્ઞાનકોશ તરીકે :**

'ધ એન્સાઇક્લોપીડીયા ઓફ ઈગ્નરન્સ' માં અજ્ઞાતને પામવાની કોશીશ છે. કોશ કરે છે. કે શબ્દકોશ, વિશ્વકોશ કહો કે જ્ઞાનકોશ, કોશસાહિત્યરૂપે જ્ઞાન પામવાની એટલી ચોક્બંધ અને વિવિધ સામગ્રી સુલભ થઈ છે. માણસ માટે હવે અજ્ઞાત કશું જ રહ્યું નથી. એવું લાગે.

⇒ **કોશના પ્રકારો :**

મોટાભાગે કોશ શબ્દ આવતા તેનો એક સામાન્ય અર્થ શબ્દકોશ થાય છે. પણ વિષયે-વિષયે, હેતુએ-~~એ~~ હેતુએ અને સમયે-સમયે, ઇત્યાદ બધા કોશના ઉદ્ભવના કારણો છે. ટૂંકમાં અનેક પ્રકારનાં કોશનું નિર્માણ માણસ જ્ઞાન-માહિતી મેળવવા ભાષા શિખવા કરતો હોય છે. પણ કોશ કાર્ય એ બહુ કઠીન છે.

સોળમી - સતરમી સદીના એક પ્રસિધ્ધ કોશ કરતા સ્કલિગરે લેટીન ભાષામાં એક મજાની પંક્તિમાં કહ્યું છે. કે,

⇒ 'કોઈ ઓટામાં મોટા ગુનેગારને બારેમાં ~~બાબ~~ બારે સજા કરવી હોય તો તેને 'મ નું કોઈ એક કોશનું નિર્માણ કર' એવો કોઈ દંડ દઈ દેવો કેમકે આ એક જ દંડમાં બધી જ પીડાઓ સમાય જાય છે."

ડૉ. સેમ્યુઅલ જૉન્સન કહે છે: કે કોશ કરતા જે કદી થાકતું નથી તે સદા ક્રમશીલ હોય છે.

⇒ કોશના મુખ્ય બે પ્રકાર છે.

1) સામાન્ય અને (2) વિશ્વકોશ.

1) સામાન્ય કોશ :- શબ્દાર્થ, પર્યાય, રૂઢિપ્રયોગ, કહેવત, વિરોધી શબ્દો વગેરે હોય છે.

2) વિશ્વકોશ :- જ્ઞાનની બાબતને મહત્વ આપે છે.

પ્રકરણ : 2.

⇒ વિષયવાર અલગ અલગ પ્રકારના <u>કોશ</u> :-

1) <u>વ્યક્તિકોશ</u> / <u>ચારિત્રકોશ</u> :-

વિવિધ વ્યક્તિની ટુંકમાં પણ જરૂરી એટલી બધીજ વિગતો એમાં હોય છે. 'પૌરાણીક કોશ' તેમજ 'ચરિત્રકોશ' જેવા કોશ ગુજરાતીમાં પણ થયાં છે.

## 2) પુસ્તકકોશ :

ગદ્ય અથવા પદ્યના કોઈપણ પુસ્તકનો પુસ્તક કોશ થઈ શકે છે. હિન્દીમાં 'વિનયપત્રીકા' શબ્દનો મહાવિરપ્રસાદ માલવીયાનો 'વિનયકોશ' અને તુલસીદાસ રચિત 'માનસ' ના શબ્દોનો ઉદારનાથ ભટ્ટનો 'રામાયણકોશ' આ પ્રકારમાં આવે છે. જેઠાલાલ ત્રિવેદીનો 'સંત સાહિત્ય શબ્દકોશ' પણ એવો જ ગણાવી શકાય.

## 3) સાહિત્યકાર કોશ :

સાહિત્યકાર જે શબ્દો પોતાની કૃતિમાં પ્રયોજે તે તમામ શબ્દોનો કોશ આ પ્રકારમાં આવે છે. ગુજરાતી સીવાઈની અન્ય ભાષામાં હરગોવિંદ તિવારીનો 'તુલસી શબ્દસાગર', સૂરદાસે પ્રયોજેલા પ્રેમનારાયણ ટંડનો 'બ્રિજભાષાસૂર કોશ', 'મીરાંકોશ' કબીરની રચનામાં 'કબીરકોશ' વગેરે પ્રકારના કોશો છે. હિન્દીમાં તુલસીદાસે 'વિનયપત્રીકા' અને 'માનસ' ગ્રંથોમાં આવા શબ્દો પ્રયોજ્યા છે.

## 4) સાહિત્યપ્રવાહકોશ :

આ પ્રકારના કોશ ગદ્ય કે પદ્ય ગમે તે સાહિત્યના સ્વરૂપમાં ઢળેલું હોઈ શકે. જેમાં દિલ્હી વિશ્વવિદ્યાલયનો હિન્દીનો 'સંત કાવ્યધારા કોશ' આ પ્રકારમાં આવે છે. ઉપરાંત જેઠાલાલ ત્રીવેદીનો 'લોકસાહિત્ય શબ્દકોશ' આ પ્રકારમાં છે.

## 5) કાળકોશ :

કોઈ કાળ કે સમયને કેન્દ્રમાં રાખીને કાળખંડના પૂરા સાહિત્યનો કોશ બની શકે છે. હિન્દીમાં 'રીતિકાળ' નો એક એવો કોશ પ્રસિદ્ધ થઈ ચૂકેલો છે. 'મધ્યકાલીન ગુજરાતી રૂપકોશ' જયંત કોઠારીનો આ પ્રકારનો કોશ ~~આવી~~ ગણાવી શકાય.

બોલીકોશ :

તમામ પ્રકારની બોલીનો આ પ્રકારના કોશમાં સમાવેશ થઈ શકે છે. હિન્દીમાં રામાજ્ઞા ત્રીવેદી સમીરનો 'અવધીકોશ', ભોલાનાથ તિવારીનો 'તાજ્જુલિકીકોશ', સંપતી આર્યાણીનો 'માગધીકોશ' વગેરે આ પ્રકારના કોશો છે.

રતિલાલ આચાર્ય : ગુજરાતી - ભીલ - વાતચિત

ભગવાનદાસ પટેલ : બૃહદ હિંદી કોશ

૭) ઐતિહાસિક કોશ :

આ કોશ એક કાળનો નહી પણ ઘણાંય કાળખંડોનો હોય છે. એટલે કે કોઈ ભાષા કે બોલીના બધાં કાળમાં પ્રયોજેલા ~~અપાય છે.~~ શબ્દો એમાં લેવામાં આવે છે શબ્દ જે અર્થમાં સૌથી પ્રથમ વપરાય છે. તે અર્થ સૌથી પ્રથમ અપાય છે અને ત્યાર પછી તેના વિકસેલા અર્થો ક્રમિકપણે અપાય છે. અંગ્રેજીની 'ઓક્સફર્ડ ડિક્શનરી' આ દ્દષ્ટિએ આદર્શ છે. સંસ્કૃત ભાષાનો કોશ પણ આ આદર્શ પર આધારીત છે.

૮) તુલનાત્મક કોશ :

બે, ત્રણ કે તેથી વધારે ભાષાઓ વચ્ચેની તુલનાના આધાર પર આ કોશ થાય છે. આવા કોશ બે પ્રકારના હોય છે.

૧) સામાન્ય શબ્દોનો અને (૨) પારિભાષીક શબ્દોનો.

સામાન્ય શબ્દોના તુલનાત્મક કોશ મોટાભાગે બે પ્રકારના હોય છે. એકમાં સ્રોત ભાષાના શબ્દોની લક્ષ્યભાષા અથવા ભાષાઓમાં

વ્યાખ્યા કરવામાં આવે છે.
આપવામાં આવે છે. બીજામાં કેવળ પ્રતિશબ્દ
કોશો પણ પ્રસિદ્ધ થાય છે. તેમ છતાં અપવાદરૂપે વધુ ભાષાઓ સમાવતા
'બંગાળી - અંગ્રેજી - હિંદી કોશ' 'સિંધી - અંગ્રેજી - હિંદી કોશ'
વધુ ભાષા લઈને તેનો ત્રણ ભાષાના છે. આવા એકથી
શબ્દકોશ બનાવી શકાય છે.

7) <u>જ્ઞાનકોશ</u> :

જ્ઞાનકોશ એટલે એન્સાઈક્લોપીડીયા અથવા વિશ્વકોશ. વલ્લભ વિદ્યાનગરની જુદા જુદા વિષયના દસેક દળદાર જ્ઞાનકોશ પ્રસિદ્ધ થાય છે.

જ્ઞાનની ભૂખ વધતા, જ્ઞાન વિસ્ફોટ થતાં સંચાર માધ્યમોનો પ્રસાર અને પ્રભાવ વધતા એક મોટી ક્રાંતિ શિક્ષણ, કળા અને સાહિત્યમાં આવી રહેવાનું વરતાય છે તો પંખીઓનો અવાજ સંભળાવે અને ત્રિપરિમાણીય ચિત્રદૃશ્યો રજૂ કરે એવા મુલ્યવાન કોશ પણ મળતા થયા છે. આજે 'લઘુકોશ', ખિસ્સા-કોશથી માંડીને 'ભગવદ્ગોમંડલ કોશ' જેવા નિર્માણ થયા છે.

## <u>ઉપસંહાર</u>

માનવ અને સમાજ એકબીજાને પરસ્પર થઈને ચાલે છે. માટે માનવ સમુહમાં વસવાટ કરે છે. તે આવશ્યક છે. અને અભિવ્યક્ત થવા ભાષા જરૂરી છે. તેનું ઉપાદાન શબ્દ છે. કોશમાં રહેલો શબ્દ અર્થોનું પ્રતિબિંબ આપે છે.

* * * * *

પ્રકરણ : ૩

# કોશ નિર્માણની પ્રક્રિયા સમજાવો.

## પ્રસ્તાવના

વિશ્વના જ્ઞાનના રાશિને વિવિધ શાખા - પ્રશાખાઓમાં વહેંચીને પ્રત્યેક શાખામાં આવતા ~~વિષય~~ વિષયજૂથ, વિષય, ઉપવિષય, અને નાના-મોટા ઘટકોને છૂટા પાડીને અધિકરણ યાદી તૈયાર થાય છે. ભારતીય સંસ્કૃતિમાં વનસ્પતિશાસ્ત્ર, આયુવિજ્ઞાનમાં, પ્રાણીશાસ્ત્રમાં, રસાયણશાસ્ત્રમાં, અરહુની અને અર્જુન, આયુર્વેદ તથા વનવિદ્યામાં, શ્રીમદ્ભાગવદ્ગીતા સંસ્કૃત તથા ગાંધીજીના ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર ગુજરાતી વગેરે અનેક વિષયોમાં સ્થાન પામેલ છે.

## ૪ કોશ નિર્માણની પ્રક્રિયા ૪

કોશ કોઈપણ પદ્ધતિમાં શરૂ કરતા પહેલા તેનું આયોજન કરવું જોઈએ. તે જ રીતે કોશ પ્રવૃત્તિ શરૂ કરતા પહેલા શબ્દની યાદી તૈયાર કરવી અને ગોઠવી શબ્દના અર્થ આપવા આ બધી બાબતો સ્પષ્ટ થઈ જાય એ અત્યંત આવશ્યક છે. કારણ કે કોઈ પણ કોશમાં ભાષાના આખા શબ્દ ભંડોળને સમાવી શકાય નહી. કોશકાર કોશ તૈયાર કરવા માટે હાથમાં આવ્યાં તે શબ્દ કોષમાં નાખી શકે નહી. તો નિરર્થક પદ્ધતિ ધરાવતા માણસની જેમ કોશ પણ બેડોળ થઈ જાય. તેના માટે ~~નીચે~~ નિચે મુજબ બાબત બહુ મહત્ત્વની છે.

# કોશ રચનાનો હેતુ :

સામાન્ય રીતે ભાષક એવું સમજતો હોય છે. કે કોશનો પ્રયોગ અર્થ અને જોડણી જોવા માટે થાય છે. એટલે કે કોઈ પણ શબ્દનો અર્થ ન સમજાય તો જોડણી ચકાસવી હોય તો કોશ જોઈ લેવો આ તો કોશની પ્રાથમીક જરૂરીયાત છે. પરંતુ દરેક કોશમાં આમે તે શબ્દનો અર્થ મળી શકે નહી કારણ કે કોશ વિવિધ પ્રકારના હોય છે. 'ગુજરાત યુનિવર્સિટી' અને 'ગુજરાત વિદ્યાપીઠ' બંને સંસ્થાઓએ વિવિધ શૈક્ષણીક વિષયના પારિભાષીક કોશ તૈયાર કર્યાં છે. કેટલાક કોશનો હેતું 'કહેવત', 'સમુચ્ચય' (1908), રૂઢિપ્રયોગ (1995), જેવા કોશ પણ છે.

ભાષકને પોતાના શબ્દો માટે ખાસ તકલીફ વેઠવી પડતી નથી. ઉ.દા. ગુજરાતી ભાષામાં અંગ્રેજી શબ્દનો ઘસારો (1956) ગુજરાતી અનેક પ્રકારના કોશોની રચના થઈ છે. અને કહેવાની વાત એટલી જ કે કોઈ સંસ્થા કે સમિતિ કોઈ વિષયના પારિભાષિક કોશ તૈયાર કરવા માંગતી હોય તો સ્વાભાવિક રીતે જ તેનો માત્ર તે વિષયના પારિભાષિક શબ્દો જ અધિકરણ તરીકે આવશે અન્ય કોઈ શબ્દને તેમાં સ્થાન નહી મળે.

ટૂંકમાં ભાષાનું શબ્દભંડોળ વિપુલ પ્રમાણમાં હોય છે. પરંતુ કોશ રચના સમિતિ પાસે કોશ રચવાનો હેતું હોય છે. હેતુને ધ્યાનમાં રાખીને તે શબ્દભંડોળ માંથી શબ્દ પસંદ કરીને અધિકરણમાં આપે છે.

# કોશનો વપરાશકાર

કોશના વપરાશકાર પર ધ્યાન આપ્યા વિના કોશપ્રવૃત્તિ કરવી એ અશક્ય જ છે. કારણ કે શબ્દ પસંદગી, અર્થ-નિશ્ચિતતા, અર્થની ભાષા અને ઉદાહરણ એ તમામ બાબતો વપરાશ-કર્તાને આધારે બદલાય જાય છે. જેમ કે અંગ્રેજી-ગુજરાતી ભાષાનો એક કોશ તૈયાર કરવાનું નક્કી થયું છે. એના માટે સામાન્ય ભાષક વિદ્યાર્થી કે સાવ નાના બાળકમાંથી કોને વપરાશકાર ~~નક્કી~~ નક્કી નજર સામે રાખવામાં આવશે

ગુજરાતી ભાષાનો પ્રથમ કોશ 'ગ્લોસરી' (glossary) Dumand 'ડુમન્ડ' એ આપ્યો છે 1908 કુમને આ કોશ એવા વપરાશકારોને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલો. જે મૂળ ઈંગ્લેંડના છે પણ ભારતમાં વેપાર કરવા આવ્યા છે લગભગ 463 જેટલા શબ્દો વેપાર, વેપારની પદ્ધતિ અને વેપારના અવરોધોની માહિતી આપી. છે. તે કોઈ શબ્દનો અર્થ બે અઢી પાના થાય છે. તો બે લીટીનો પણ થાય છે

ઈ. સ. 1950 માં વ્યાપારી શબ્દકોશ રચાયો હતો. ભાષા નિયામકની કચેરીએ વહીવટી શબ્દકોશ રચ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત વિદ્યાપીઠ પરિભાષિક કોશ અને એમાંય પહેલો કોશ ખાસ ઉમેરાયું છે. આમ વિષય શબ્દ રચના અને અર્થની ~~રજૂ~~ રજૂઆત પર વપરાશકારની અસર પડી શકે છે. કોઈ એક જ શબ્દનો અર્થ સામાન્ય ભાવકને જે ભાષામાં અપાય તે જ ભાષાના વિદ્યાર્થીઓને ના અપાય. નાના બાળકોની કે અન્ય ભાષકની અર્થની ભાષા તદ્દન જુદી રહે તે જરૂરી છે.

## કોશમાં સમાવિષ્ટ ભાષાની સંખ્યા

કોશમાં કેટલી ભાષાનો સમાવેશ કરવાનો છે તે કઈ-કઈ હશે તેના નિર્ણય પણ પહેલા લેવાય તે જરૂરી છે. કોશનો હેતુ કોઈ એક ભાષાના શબ્દો અન્ય ઘણી ભાષાઓના અર્થ આપવાનું હેતુ હોય છે. આ હેતુસર આવા કોશમાં તે બંને તરફી ભાષાને સ્થાન આપી શકે છે. પરંતુ જો ભાષા સંખ્યા વધી જશે તો અર્થ પ્રવૃત્તિ મર્યાદિત થઈ જશે તે વધુમાં વધુ શબ્દોના બધી ભાષાના એકાદ બે પર્યાય આપી શકે તે સિવાય અન્ય કોઈ માહિતી આપી શકે નહી.

ઈ. સ. ૧૯૬૧માં વિશ્વનાથ નરવણે દ્વારા સ્થાપેલ ભારતીય વ્યવહાર કોશમાં ભાષાઓનો સમાવેશ કરેલો છે. જેમાં ~~ભાષાઓનો~~ ગુજરાતી, મરાઠી, પંજાબી, બંગાળી, તમીલ, ભારતની અન્ય ભાષાઓ છે. તેમજ આ તમામ ભાષાઓ પોતાની લીપીમાં ન લખતા દેવનાગરી લીપીમાં અપનાવેલ છે. ભારતની કોઈપણ ભાષક આ કોશનો ઉપયોગ કરી શકે પરંતુ આમાં દરેક ભાષાનો એક જ પર્યાય છે.

જેમ કે અંગ્રેજીમાં સ્પેલીંગ અને ઉચ્ચારણમાં તફાવત છે તો અંગ્રેજી ગુજરાતી કોશમાં અંગ્રેજી સ્પેલીંગ આપે તેવું ગુજરાતી ઉચ્ચારણ નોંધાય તો વપરાશકારને વધુ ઉપયોગી થાય છે. જેમ કે Knowledge. - નોલેજ, ઉર્દૂ અને ગુજરાતી કોશ માટે પણ આમ રાખી શકાય.

## ⇒ અધિકરણ - પ્રવિષ્ટ Entryની વિપુલતા ઃ

આપણે પહેલા જ જોયુ કે આખા શબ્દભંડોળને કોશમાં સમાવી શકાય નહી જો કે 'ભગવદ્ગોમંડળ' જેવા કોશમાં તેના હેતુ પ્રમાણે ભાષાના બધા જ શબ્દોને સમાવવાની કોશીશ થઈ છે. ગુજરાતી ભાષામાં ન વપરાતા શબ્દો અને 'ળ'થી શરૂ થતા ~~સ~~ શબ્દો સમાવી દેવાયા છે. પરંતુ મોટા ભાગે કોશમાં

સ સીમારેખાની અંદર રહીને અધિકરણની પસંદગી કરવામાં આવે છે. જેમાં કોશનો હેતુ-વિષય વગેરે જેવી મહત્વની બાબતો ભૂમિકા ભજવે છે.

ઉ.દા. સામાન્ય ભૂમિકા માટે એક સામાન્ય કોશ તૈયાર થાય અને એક ખિસ્સા કોશ તૈયાર થાય તો બન્નેની અધિકરણની સંખ્યામાં આપોઆપ તફાવત આવી શકે. ખિસ્સા કોશમાં અધિકરણ ચોક્કસ રીતે ઓછુ અને વધુ શબ્દો વપરાતા હશે.

## ⇒ અધિકરણનું સ્વરૂપ :

કોઈ શબ્દને અધિકરણ તરીકે સ્વીકારીને તેની માવજત કરવામાં આવે ત્યારે તેમાં વિવિધ વિગતોનો સમાવેશ થઈ શકે છે. જો અધિકરણ સામાન્ય શબ્દ હોય તો વ્યાકરણની માહિતી મૂળભાષા, પરિવર્તન પામેલુ રૂપ હોય તો મૂળભાષાના શબ્દ અને મૂળ શબ્દ તથા અધિકરણ ની વચ્ચે આવતા બે-ત્રણ મુખ્યરૂપો અધિકરણનો પ્રચલીત અર્થ આપે છે.

"વ્યક્તિ વિશેષના અધિકરણમાં તેના જન્મ, કુળ, અભ્યાસ અને ખાસ કરીને તેના જીવન અંશોની માહિતી આપી શકે."

સામાન્ય શબ્દકોશમાં પણ અધિકરણના સ્વરૂપમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો કે ન કરવો, કઈ કઈ બાબતોને સ્વીકારવી એ કોશના હેતુ પર રહેલો છે. એટલે કોશના સ્વરૂપનું કોશના આયોજન વખતે ધ્યાન રાખવું. કોશના હેતુ વખતે જે જ તેમનો ઉપોદ્ઘાતમાં જ તે સ્પષ્ટ કરી દેવામાં આવે છે.

## ⇒ અધિકરણની ગોઠવણી :

કોશ રચનાનો અંતીમ તબક્કો એટલે પ્રવિષ્ટની યોગ્ય ગોઠવણી. કોશ માટે અગત્ય બનેલી અધિકરણની ગોઠવણી એ રીતે ગોઠવણી કરવી જોઈએ કે જેથી શબ્દના વપરાશકર્તા સરળતાથી મેળવી શકે.

કોશકાર આ ગોઠવણી માટે જુદી જુદી રીતો અપનાવતો હ છે જેમ કે સંસ્કૃત કોશમાં શબ્દને જુદા જુદા વર્ગમાં વિભાજન કઈ રીતે કરી દઈ વર્ણ અનુસાર ગોઠવવામાં આવ્યા છે કેટલાક કોશમાં શબ્દના અંતીમવર્ણને ધ્યાનમાં રાખને ગોઠવણી કરવામાં આવે છે જેને રમણલાલ દેસાઈનો અંત્યાક્ષરી કોશ કહેવાય છે. જેમ કે સિવાઈ અમોઈ અંત્યાક્ષરી અર્થ શબ્દકોશ (1945) આ કેટલીક વિશિષ્ટ પ્રકારની ગોઠવણી થાય છે.

દા.ત

કે. કા. શાસ્ત્રી 1951 પરંતુ ભાષામાં અંગ્રેજી કોશ પદ્ધતિ પ્રમાણે વર્ણાનુક્રમ ઉપરાંત અનુસાર શબ્દકોશ રચના પ્રચલિત છે.

⇒ નિષ્કર્ષ :

આમ, કોશનિર્માણની પ્રક્રિયાથી મુખ્ય પાંચ તબક્કા અંતર્ગત કોશ રચનાનો હેતું કોશનો વપરાશકર્તા કોશમાં સમાવિષ્ટ વાની ભાષા, તેમાં પસંદ કરેલ અધિકરણ અને કોશમાં પસંદ કરેલ અધિકરણનું સ્વરૂપ અધિકરણની ગોઠવણી કઈ રીતે કરવી એ મુખ્ય વધું હોય છે. કોશનિર્માણ કરતાં જો આ બાબતોનું ધ્યાન રાખવામાં ન આવે તો કોશમાં ખામીઓ એવા મળતી હોય છે. જેના કારણે કોશનો વપરાશકાર મુશ્કેલીમાં મુકાય છે. માટે વિવિધ પાંચ તબક્કા ઉપરાંત અધિકરણની ગોઠવણી કે કોશ નિર્માણનો અંતિમ તબક્કો ગણાય છે. એ પણ એટલો જ મહત્વનો બની જાય છે. કોશ નિર્માણમાં ધૈર્ય અને ઊંડી સમજશક્તિ અનિવાર્ય ગણાય છે.

ગુજરાતીમાં (થયેલા વિવિધ કોશોનો પરિચય આપી તેની ઉપયોગીતા જણાવો.

## પ્રસ્તાવના

આધુનિક યુગ ~~[illegible]~~ ઝડપી પરિવર્તનો અને જ્ઞાન-વિજ્ઞાનના પ્રચંડ વિસ્ફોટન યુગ છે. આજે પૃથ્વીના એક-એક છેડે બનતી ઘટના થોડી જ ક્ષણોમાં બીજે છેડે પહોંચી જતાં સમગ્ર વિશ્વ Global - Village - વિશ્વ ગ્રામનો અનુભવ કરાવે છે. ધર્મ, સમાજ, શિક્ષણ, સાહિત્ય, કલા, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, તત્વજ્ઞાન વગેરે ક્ષેત્રના વિકાસની ગતિએ એક બીજામાં ભળતી જોવા મળે છે. એટલે આજનો માનવી પણ ભાષા, ભૂમિ, જાતિ, જાતિ, કે વર્ણથી ભલે ભિન્ન હોય તે 'વિશ્વમાનવી' બની રહ્યો છે. એવા માનવીની આસપાસ માહિતીના ઢગલા ખડકાય છે અને એવી માનવીને પણ નવું નવું જાણવાનું કુતૂહલ હોય એ સ્વાભાવિક છે. આવું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થઈ શકે તે જ્ઞાનભંડારને માટે 'કોશ' શબ્દ પ્રયોજન છે.

## ⇒ ગુજરાતીમાં વિવિધ કોશ :

ગુજરાતી સાહિત્યમાં મધ્યકાળમાં એક સબળ કોશરચનાનું કામ બાબતે ક થયું હશે. તેમ છતા પ્રવૃત્તિ તરીકે કોશના ઉલ્લેખ મધ્યકાળમાં મળી આવે છે. કહેવતોને લગતા ગુજરાતી ભાષામાં કોશ રચવાની પરંપરા 1808માં ડ્રમંડ નામના એક અંગ્રેજે ગુજરાતી - અંગ્રેજી 'ગ્લોસરી' (Glossary) તૈયાર કરી ત્યારથી શરૂ થઈ ગણાય.

કવિ નર્મદ : પોતાની ઉત્તરાવસ્થામાં બાર વર્ષ સુધી કાર્ય કરી ગુજરાતી ભાષાનો શબ્દકોશ 'નર્મકોશ' તૈયાર કર્યો. 1873 માં પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ લલ્લુભાઈ ગોકળદાસે પણ 1923 માં ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ શબ્દકોશ પ્રગટ કર્યો હતો 'રાષ્ટ્રપિતા ગાંધીજી દ્વારા 'જોડણીકોશ' જેવા ભગીરથ કાર્યની પ્રેરણા દ્વારા જોડણીની બાબતમાં ભાષામાં એકવાક્યતા લાવવાનું મહત્વ દર્શાવે છે. ગુજરાતી વિદ્યાપીઠ દ્વારા 1931 માં 'સાર્થ જોડણી કોશ' પ્રગટ થયો છે. 1955 માં ગોંડલના મહારાજા ભગવતસિંહજીની આર્થિક સહાયથી નવ ભાગમાં 'બૃહત્કોશ' પ્રગટ થયો છે.

વિવેચક વિશ્વનાથ મગનલાલ ભટ્ટે સાહિત્યવિષયક સમજ આપતા વિસ્તૃત કરવાની 'પારિભાષિક કોશ' પ્રગટ કર્યો ગુજરાતી સાહિત્ય પરિષદે 'સાહિત્ય સંજ્ઞા કોશ' તથા ગુજરાત સાહિત્ય અકાદમીએ 'ગુજરાતી સાહિત્યકાર પરિચય કોશ' પ્રગટ કર્યો છે ડૉ. ધીરુભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ 'ગુજરાતી વિશ્વકોશ' રચના કરવામાં આવી છે. કવિ દલપતરામે કાવ્યસાહિત્યની નાની કહેવત કોશ છે. મહીપતરામે 'ભવાઈ સંગ્રહ' કર્યો. તો ગોંડલના રાજાએ ચંદુલાલ પટેલ દ્વારા તૈયાર કરાવેલો 'ભગવદ્ગોમંડલકોશ' પ્રગટ થયો છે.

પ્રકરણ : ૪

## ⇒ ગુજરાતી કોશની ઉપયોગીતા :

ગુજરાતી સાહિત્યમાં સમાનપણે મધ્યકાળમાં કોશ રચના નું કામ ભાગ્યે જ થયું હશે. પશ્ચિમની કેળવણી અને સાહિત્યનાં વિકાસ સાથે પશ્ચિમી વિદ્વાનોના સંપર્કમાં આવવાનું થયું તેમ કોશ રચવાનું મહત્વ પણ સમજાવા લાગ્યું. ગુજરાતી સાહિત્યમાં અનેક ક્ષેત્રમાં નવપ્રસ્થાન કરનાર કવિ નર્મદ દ્વારા રચાયેલ નર્મકોશ ને માનવામાં આવે છે. પ્રારંભનું કાર્ય હતું તેથી એની શબ્દ-સમૃદ્ધિ મર્યાદિત હતી.

કોશ અને વિશ્વકોશ એ બંને શબ્દોના [illegible] અલગ અલગ છે. એ બંનેની શિસ્ત પણ જુદી છે. [illegible]ાન્ય રીતે કોશ કક્કાવારી અનુસાર 'અ' થી શરૂ થઈ ને [illegible] સુધીના શબ્દની આકૃતિ, અર્થ, ઉદાહરણ, અવતરણ સાથે આપે છે. જ્યારે વિશ્વકોશ એટલે સર્વસંગ્રહ, જ્ઞાનની એકત્રીત સામગ્રી. એ વિશ્વવિદ્યાકોશ પણ હોઈ શકે.

'વિશ્વકોશ' નો અર્થ ઑક્સફર્ડ શબ્દકોશમાં 'general course of instruction' શિક્ષણનો વ્યાપક પ્રવાહ એમ કરેલો છે. વિશ્વકોશને જ્ઞાન કોશ પણ કહી શકાય. આ જ્ઞાનકોશમાં શરૂઆતમાં તો એક જ લેખક હોય લખાણ થતું હોય અને શિક્ષણમાં ઉપયોગી થાય એ અર્થે તેનું આયોજન થતું. આજે તો વિશ્વકોશની વિભાવના સમૂળી બદલાઈ ગઈ છે. જુનામાં જુનો જ્ઞાનકોશ ઈ.સ. પૂ. ૪થી સદીમાં ઍરિસ્ટોટલે પોતાના શિષ્યો માટે તૈયાર કરેલો તેને પ્રથમ જ્ઞાનકોશ ગણાય છે.

ભારતમાં ખાસ કરીને બંગાળમાં વિશ્વકોશ ~~રચવાના~~ રચવાના પ્રયત્નો થાય છે. તેમાં ૧૮૮૬માં નગેન્દ્રનાથ ભારતિય કોશમાં આમાં સ્તંભરૂપ ગણાય છે. તેમણે એકલે હાથે બાવીસ ભાગમાં તૈયાર કર્યો છે. સ્વતંત્રતા મળ્યા પછી પ્રાદેશિક ભાષાઓમાં વિશ્વકોશ હોવા જોઈએ એવી વાતનો સ્વીકાર થયો તે રીતે લગભગ બધી ભારતીય ભાષાઓમાં સફળતા પૂર્વક થઈ છે. ગુજરાતી ભાષામાં 'ગુજરાત સર્વસંગ્રહ', 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', 'ચરોતરી સર્વસંગ્રહ' જેવા નાના પાયે પ્રયત્નો થયા છે. આયુર્વેદ તેમજ વનસ્પતિશાસ્ત્રને લગતા કોશ પણ ગોકુળદાસ કહાના નાના પાયે પ્રયત્ન થયેલા છે.

જીતે પ્રજાની માતૃભાષામાં જ્ઞાનવિજ્ઞાનના આકર-ગ્રંથો, સર્વસંગ્રહો હોય છે. એ સ્વાતંત્ર્યપ્રાપ્તી પછી પ્રજાની જ્ઞાન-ભૂખ વિસ્તરતા એક આવશ્યકતા બની રહી. સામાન્ય માણસને પણ જ્ઞાનના સર્વ ક્ષેત્રમાં ચાંચ બોળવાની તક મળે એ હેતું પણ

...ની માહિતી ગોઠવવામાં આવી છે. આશરે દોઢ કરોડ રૂપિયાના ... ગુજરાતી પ્રજાની સાંસ્કૃતિક અસ્મિતાને પ્રગટ કરતા આ [illegible]ની આર્થિક જવાબદારી ઉત્તર ગુજરાતના વિસનગરના શ્રુત-ઉપાસક 'સાંકળચંદ ભાઈ પટેલે' ઉપાડીને ગુજરાતી ભાષા અને સાહિત્યની અમૂલ્ય સેવા કરવામાં ખૂબ જ મહત્ત્વની સહયોગ પૂરો પાડ્યો છે.

આવી જ જ્ઞાન વિકાસક એક પ્રવૃત્તિ 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથમાળા ૩૦ ગ્રંથોમાં પ્રકાશીત કરવામાં સરદાર પટેલ યુનિવર્સિટીએ હરિ: ૐ આશ્રમવાળા પૂ. મોટાની પ્રેરણાની ફૂંક વડે હિંમત કરી હતી. ત્યારે મૂર્ધન્ય કવિ સુંદરમે આ શબ્દોથી એને બિરદાવી હતી.

"ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી તેમજ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે."

આજ શબ્દોમાં જરાય ફેરફાર કર્યા વગર 'ગુજરાતી વિશ્વકોશ' માટે પણ પ્રયોજી શકાય. આવા પ્રયત્નો શ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ, 'ઘર - વિદ્યાપીઠ'ની ગરજ સારે છે.

= × = × =

પ્રશ્ન: ૫

ગુજરાતીમાં રચાયેલા સૂચિગ્રંથો વિશે વિગત આપો.

## પ્રસ્તાવના

યુનિવર્સિટી - શિક્ષણનો વ્યાપ વધવાની સાથે સંશોધન-સંપાદન અને તેના પ્રકાશન આદિની સગવડો વધી છે. અને ~~તેમા પ્રકાશન~~ નવા સાધનો ઉપલબ્ધ થયા છે પરંતુ તેના પ્રમાણમાં તે તે પ્રવૃત્તિઓની સંગીનતા વધી છે કે તેમાં ઓટ આવી છે. આવું કહી શકાય ? ગુજરાતમાં સંશોધનક્ષેત્રે તો લગભગ દુકાળ જેવી પરિસ્થિતિ દેખાય છે. સંપાદન પરત્વે સામગ્રીનું શોધન કરીને મૂળ પાઠ સુધી પહોંચવાનો પ્રયત્ન કરનાર વિદ્વાનોની સંખ્યા પણ ઘટતી જાય છે

પંડીતયુગના મણીલાલ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટિયા, બળવંતરાય ઠાકોર, વગેરેએ સ્થાપિ હતી. સંશોધનાત્મક અભિગમ ધરાવતાં ભાષાવિજ્ઞાનને લગતા પુસ્તકોમાં ડૉ. યોગેન્દ્ર વ્યાસનું 'સામાજીક ભાષાવિજ્ઞાન' છે

⇒ સૂચિગ્રંથો :

આ અરસાના નવાગંતુક સંશોધક ડૉ. ભગવાનદાસ પટેલ છે. તેમણે વીસમી સદીના છેલ્લા દાયકામાં લોકસાહિત્યનું મહત્વનું સંશોધન શરૂ કર્યું 'ડુંગરી ભીલોનો ગુંજારનો રમણો' સંપાદિત કરેલ છે જેમાં ડુંગરી ભીલોની લોકવિદ્યા અને પરંપરાગત કંઠસ્થ લોકસાહિત્યનું નિરૂપણ કરેલું છે આ કૃતિની વિશિષ્ટતા જોગાર્થ છે. 'ભીલોના હોળી ગીતો', 'ભીલ લોકાખ્યાન' તેમજ 'આદિવાસી ઓળખ' તેમના બીજા મહત્વનાં સંશોધનો છે. ભીલ સંસ્કૃતિની ધાર્મિક અને સામાજીક ભૂમિકા તેમણે સમજાવી છે.

...ત્યોઆકુ' અને 'હાલાકુરી' બે લોકાખ્યાનોનું સંશોધન
...દન તેમણે કર્યું છે. તેમના મંતવ્ય મુજબ ભીલ સંસ્કૃતિ
...પ્રથમ અરવલ્લી પહાડોની ગીરીમાળામાં વિકસેલી છે અને પછી
...અન્યત્ર ફેલાયેલી છે આદિવાસીઓની એ રીત 'આદિવાસી ઓળખ'
નામના પુસ્તકમાં વિકસેલી છે. તેમણી 'ભીલોનું ભારત' એ
સંસોધનાત્મક સંપાદનમાં ખેડબ્રહ્માંના ભીલોમાં પ્રચલીત કંઠસ્થ
પરંપરાનું મહાભારત મુકેલું છે.

'ભગુભાઈ અની' લિખિત 'લોકવાઙ્મય' બીજુ આ
ક્ષેત્રનું મહત્ત્વનું પુસ્તક છે. તેમણે લોકસાહિત્યને બદલે લોકવિદ્યા
એ શબ્દ વાપરવાનો આગ્રહ રાખ્યો છે.

'ડૉ. હરિવલ્લભ ભાયાણી' દ્વારા સંશોધિત અને સંપાદિત
'લોકકથાનાં મૂળ અને કુળ'માં ભારતિય કથાસાહિત્યના પ્રવાહો,
કથાઘટકો, કોરેના સંદર્ભમાં કરેલું સંશોધનાત્મક વિવેચન છે. વિવિધ
દેશોના લોકસાહિત્યમાં ભળેલી અનેક લોકકથાઓમાંથી ચૌદ જેટલી
કથાઓ જે તેમણે અહિં તુલનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે.

→ ડૉ. ભાયાણીએ સંશોધિત સંપાદિત મધ્યકાલીન કથાકોશ.
'લોકસાહિત્ય : સંપાદન અને સંશોધન'
'હરિવેણ વાય છે કે હે વનમાં'
'ગોકુળમાં ટહુક્યા મોર'

મધ્યકાલીન સાહિત્યને લગતા બધા સંપાદનોમાં
સૌપ્રથમ ઉલ્લેખ પાત્ર પ્રો. જયંત કોઠારીએ સંપાદિત 'જૈન ગુર્જર
કવિઓ'ની સંશોધિત આવૃત્તિનું : સંપાદન કર્યું. તે છે. આ
ત્રણ ગ્રંથોમાં વિ. સં - ૧૨મી સદીથી ૧૯મી સદી સુધીનાં જૈન
ગુર્જર કવિઓ અને તેમની કૃતિઓ વિશે હસ્તપ્રતો પરથી માહીતી
મુકેલી તેમાં નવસંકલન કરેલું છે.

શિવલાલ પાઠકજીએ કરીને સંપાદન કરેલ 'નરસિંહ મહેતાની કૃતિઓ' અને 'અખાની કૃતિઓ' છે

ડૉ. હસુ દસ્તાવેજ કચ્છની તેમજ ગુજરાતની લોકવાર્તાને લગતાં સંપાદનો ઠીક સંખ્યામાં થયા છે તેમાં ડૉ. શાંતિલાલ આચાર્યનાં બે સંપાદનો 'હેંડો વાત માંડીએ' અને સિંધી-કચ્છી વાર્તાઓ, તથા 'સાજણ સાંભરિયા' નોંધપાત્ર ઉલ્લેખ-લગ્નગીતો, નૃત્યગીતો વગેરેના વિવિધ સંપાદનો અવારનવાર પાત્ર છે ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પ્રચલિત લોકગીતો, પ્રગટ થતા રહે છે

૨૦મી સદીની શરૂઆતમાં ગુજરાતી સાહિત્ય અને સંસ્કારજીવનની એક મહત્વની ઘટના તે શ્રી મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા'ના ત્રણ ગ્રંથોનું પ્રકાશન છે. એક રીતે કહીએ તો પ્રજાના સાંસ્કૃતિક ઘડતરની ગરજ સારે તેવા આ ગ્રંથોની વાચનસામગ્રી છે સાહિત્યિક દૃષ્ટિએ સ્વરૂપલક્ષી અને સર્જકલક્ષી સંપાદનો થયાં છે.

ડૉ. હીરૂભાઈ ઠાકરે તૈયાર કરેલો 'સમાલોચક' (ત્રૈમાસિક) ની 1896 થી 1926 સુધીના વિવેચનાત્મક નોંધ આપતા ગ્રંથ 'સમાલોચક' સ્વાધ્યાય અને સૂચિ' અને 'જ્ઞાનસુધા' 1892 થી 1919 સુધીનાં અંકો અકાદમી દ્વારા પ્રસિદ્ધ થયાં છે

ગુજરાત અને ગુજરાતી પ્રજાને લગતા તમામ પ્રકારની માહિતીને વિશેષ રૂપે અને ક્રમ આપવામાં આવ્યો છે. વિવિધ વિષયોની પ્રમાણભૂત અને વ્યવસ્થિત માહિતી ઉપરાંત ગુજરાતી ભાષાના ખેડાણમાં આ ગ્રંથશ્રેણીનો નોંધપાત્ર ફાળો છે

પ્રસ્તુત વિશ્વકોશના પ્રત્યેક ગ્રંથને અંતે તેમાં ઉપયોગમાં લીધેલા પારિભાષિક શબ્દોની ગુજરાતી તેમજ અંગ્રેજી યાદી મૂકવામાં આવેલી છે. દરેક ગ્રંથના લેખન, સંપાદન અને વિવિધ વિષયોના નિષ્ણાતો ઉપરાંત સરેરાશ ત્રણસો લેખકોનું પ્રદાન હોય છે

'૭ 'લોકસાહિત્ય શબ્દકોશ' (1978) અને 'સંતસાહિત્ય શબ્દકોશ' (1984) બંનેના સંપાદક, જેઠાલાલ ત્રિવેદી છે. પહેલામાં લોકસાહિત્યમાં ગુજરાતી ઉપરાંત બંગાળી, મરાઠી, રાજસ્થાની, ફારસી, અરબી જેવી ભાષાઓની અને ઉર્દૂ, અરબી, પારસી બોલીની સંજ્ઞાઓનો પણ સમાવેશ કર્યો છે

= x = x =

Head of Gujarati Dept.
Gujarat Arts & Science College
Ahmedabad

સ્થાપના ૧૮૬૩

# ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ

એલીસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

(ગુજરાત સરકાર)

(NAAC Accredited Grade 2.83)

ફોન : ૦૭૯-૨૬૪૪૬૦૩૦ ફેક્સ : ૦૭૯-૨૬૪૪૬૦૩૦ ઈમેલ : gascprin@gmail.com

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે એમ.એ. સેમ - 4માં અભ્યાસ કરતાં સાગર મનોજ ઓમપ્રકાશએ 'કોશવિજ્ઞાનનું મહત્વ' પર સંતોષકારક પ્રોજેક્ટ પૂર્ણ કરેલ છે. જે તેઓને વિશેષ અભ્યાસ માટે માર્ગદર્શક રૂપ નીવડશે .તેમણે કરેલું કાર્ય વ્યાપક તેમજ સમાજને ઉપયોગી નીવડશે. સંસ્થા આ વિદ્યાકીય અભ્યાસ બદલ પ્રમાણપત્ર એનાયત કરે છે .

Head of Gujarati Dept
Gujarat Arts & Science College
Ahmedabad

# ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ ,અમદાવાદ.

# ગુજરાતી વિભાગ

શૈક્ષણિક વર્ષ : 2022-2023

Project Details

| | | | |
|---|---|---|---|
| 2 | ગુજરાતી ભાષામાં સમાસ રચના | બી.એ. સેમ -VI | સાધુ ચેતન નટુભાઇ |
| | | | વાઘેલા મિહિર પ્રકાશભાઈ |
| | | | પરમાર સ્નેહા રમેશભાઈ |
| | | | પરમાર ભૂમિકા અમૃતભાઈ |
| | | | પટેલ જશ સુરેશભાઈ |

INDEX


| ગુજરાતી ભાષામાં સમાસ રચના | |
|---|---|
| અનુક્રમણિકા | પ્રકરણના નામ |
| 1 | મુખ્ય સમાસ રચના અને તેના પ્રકારો |
| 2 | સર્વ પદપ્રધાન સમાસ સમજૂતી |
| 2.1 | દ્વંદ્વ સમાસ |
| 3 | એક પદપ્રધાન સમાસ સમજૂતી |
| 3.1 | તત્પુરુષ સમાસ |
| 3.2 | કર્મધારય સમાસ |
| 3.3 | દ્વિગુ સમાસ |
| 3.4 | મધ્યમપદલોપી સમાસ |
| 4 | અન્ય પદપ્રધાન સમાસ સમજૂતી |
| 4.1 | બહુવ્રીહિ સમાસ |
| 4.2 | ઉપપદ સમાસ |
| 4.3 | અવ્યયીભાવ સમાસ |

## (૨) ગુજરાતીની સમાસ રચના

→ મુખ્ય સમાસપ્રકારોની સમજૂતી :

ગુજરાતી શબ્દરચનામાં કેટલીક વાર બે કે બે કરતાં વધારે શબ્દો સાથે આવેલા હોય છે. આવાં પરસ્પર બે કે વધારે પદો એકઠા થવાથી એક સ્વતંત્ર પદ બને છે ત્યારે એ પદને 'સમાસ' તરીકે ઓળખવામાં આવે છે. સમાસ બનવાથી પરસ્પર સંબંધ બતાવનાર પ્રત્યયોનો લોપ થાય છે. અને આખો સમાસ એક જ શબ્દ બને તેમાંથી એક જ અર્થ નિકળે છે. 'સમ', એટલે સાથે અને 'આસ્' એટલે બેસવું. અર્થાત્ સાથે રહેવું તે. બીજા શબ્દોમાં કહીએ તો શબ્દોનું જોડાણ. સંસ્કૃતમાં આનો અર્થ 'સંક્ષેપ' કે 'ટૂંકાણ' જેવો થાય છે. ઘણાં પદો સાથે આવીને સંક્ષિપ્ત રૂપ બને છે. સમાસ ભાષામાં લાઘવ, પ્રૌઢતા અને સુંદરતા પણ આપે છે.

ટૂંકમાં, સમાસ એટલે બે કે બે કરતાં વધારે પદો સાથે મળીને કોઈ એકમનું બનવું કે જેમાં એક કરતાં વધારે શબ્દો સાથે આવે અને એમના સંબંધ દર્શક તત્ત્વોનો લોપ થયો હોય તેવી રચના એટલે સમાસ.

ડૉ. હરિવલ્લભ ભાયાણી ત્રણ પ્રકારમાં ગુજરાતી સમાસનું વર્ગીકરણ કરે છે.

1) સર્વપદપ્રધાન
2) એક પદપ્રધાન
3) અન્ય પદપ્રધાન.

# સમાસ

- સર્વ પદપ્રધાન સમાસ
  - દ્વન્દ્વ સમાસ
- એક પદપ્રધાન સમાસ
  - તત્પુરુષ સમાસ
  - કર્મધારય સમાસ
  - દ્વિગુ સમાસ
  - મધ્યમ પદલોપી સમાસ
- અન્ય પદપ્રધાન સમાસ
  - બહુવ્રીહિ સમાસ
  - ઉપપદ સમાસ
  - અવ્યયીભાવ સમાસ

## 1) સર્વ પદપ્રધાન સમાસ :

આ પ્રકારના સમાસમાં બંને પદો સમાન કે પ્રધાન હોય છે. વાક્યરચનામાં એમાંના બંને પદ સ્વતંત્ર રીતે ક્રિયાપદ સાથે જોડાઈ શકે છે.

દા.ત. - રામલક્ષ્મણ વનમાં ગયા.

1) રામ વનમાં ગયાં
2) લક્ષ્મણ વનમાં ગયાં

અહીં બંને જ પદોનો મોભો- સ્થાન એકસરખો જ હોય છે. આવી પ્રધાન કે ગૌણ પદનો ભેદ પાડી શકાતો નથી.

## 2) એક પદપ્રધાન સમાસ

જે સમાસમાં એક જ પદ પ્રધાન કે મુખ્ય હોય તેવી રચના તે એક પદ પ્રધાન સમાસ. આવા સમાસમાં ગમે તે એક પદ જ કે ક્રિયાપદ સાથે સંબંધ ધરાવતું હોય છે જ્યારે બીજું ગૌણપદ સાથે કોઈ સંબંધ ધરાવતું નથી.

દા.ત. દૂધ પીતું બાળક મજબૂત હોય છે.

અહીં દૂધ પીતું એ સમાસ છે. જેનો વિગ્રહ કરતાં દૂધને પીતું એમ થાય. 'દૂધ' અને 'પીતું' સમાસના બે ઘટકો થયા એમાંથી દૂધ ઘટક પ્રધાન છે. જ્યારે પીતું એ ગૌણ છે. માટે આવા સમાસને એક પદપ્રધાન સમાસ કહે છે.

(૩) અન્ય પદપ્રધાન સમાસ :

કેટલાક સમાસોમાં અન્ય પદોની પ્રધાનતા હોય છે. સમસ્ત પદ કોઈ અન્ય પદની વિશેષતા બતાવતું હોય છે.

દા.ત. પીતાંબર

⇒ આમ, સમાસમાં ગોઠવાતાં એને પદોની પરસ્પર સંબંધની દૃષ્ટિએ વર્ગીકરણ કરતાં નીચે મુજબના સમાસ મળે છે.

- સર્વપદપ્રધાન - દ્વંદ્વ સમાસ
- એકપદપ્રધાન - તત્પુરુષ, કર્મધારય, દ્વિગુ, મધ્યમ પદલોપી.
- અન્ય પદપ્રધાન - બહુવ્રીહિ, ઉપપદ, અવ્યયીભાવ.

## 1) દ્વન્દ્વ સમાસ

સમાન વ્યાકરણી ભૂમિકા ધરાવતાં પદો જોડાય અને સમસ્ત પદની વ્યાકરણી ભૂમિકા પણ એની એ જ રહે, એ પદો વાક્ય સાથે સમાન સંબંધ ધરાવતા હોય ત્યારે એ 'દ્વન્દ્વ સમાસ' કહેવાય છે.

→ ગુજરાતીમાં સંજ્ઞા, વિશેષણ, સર્વનામ, ક્રિયાવિશેષણ અને આખ્યાતિક પદના દ્વન્દ્વ સમાસો બને છે.

→ **સંજ્ઞા** - રામલક્ષ્મણ, ભાઈબહેન, હાણીપાણી, માબાપ, બાળપણ, રીતરિવાજ

→ **વિશેષણ** - ચારપાંચ, વહેલુંમોડુ, સારુંનરસું

→ **સર્વનામ** - મારુંતારુ, જેણતેણ

→ આખ્યાતિક પદ - આવેજાય, ઊઠવાબેસવા, વાળીચોળીને

(ઊઠબેસ, બોલચાલ, દેખભાળ વગેરે પણ મૂળભૂત રીતે તો આખ્યાતિક પદોની સમાસરચનાઓ - ઊઠવુંબેસવું, બોલવુંચાલવું, દેખવુંભાળવું - ના નામિક રૂપો છે.

* સંયોજકવાળા અને આંશિક લોપ કે વિસ્તારવાળા દ્વિરુક્ત પ્રયોગો જેમાં બોલવામાં આવતું એક પદ ભાષામાં સ્વતંત્ર રીતે સાર્થ પદ છે. તે પણ દ્વન્દ્વ સમાસનાં જ ઉદાહરણો છે.

**જેમકે**

→ '**સાંધીસૂંધીને**' - 'સાંધીને અને સાંધવાની આનુષંગિક ક્રિયા કરીને.'

→ '**ચોરબોર**' - 'ચોર અને ચોર જેવી કોઈ વ્યક્તિ'

→ 'સાચેસાચું' - 'સાચું અને સાચું - સાવસાચું

* ~~[illegible]~~ રવાનુકારી હરકતવાળી દ્વિરુક્તિઓને જો સમાસમાં ગણવી હોય તો તે મોટા ભાગે દ્વન્દ્વ સમાસમાં જ આવશે.

⇒ દ્વન્દ્વ સમાસનો વિગ્રહ સામાન્ય રીતે બે પદો વચ્ચે 'અને' મૂકવાથી થાય છે. તેને '<u>ઇતરેતર દ્વન્દ્વ</u>' કહે છે.

⇒ ક્વચિત એનો વિગ્રહ '<u>કે</u>' મૂકીને પણ કરવો પડે છે. તેને '<u>વૈકલ્પિક દ્વન્દ્વ</u>' કહે છે.

⇒ ગુજરાતીમાં દ્વન્દ્વ સમાસરચનાની એક લાક્ષણિકતા છે. કે એમાં પદો <u>લિંગચિહ્નો</u>, તથા <u>વચન</u>, <u>વિભક્તિ</u>, કાળ, અર્થ, વગેરેના પ્રત્યયો સાથે પણ આવી શકે છે.

<u>દા.ત</u> - 'તાણીમાણી', 'તાણુમાણુ', 'તાણ્યંમાણ્યં'
- 'ચોપડીઓચોપડીઓ'
- 'કોનીકોની'
- 'કેને - કેને'
- 'નાહવે - ધોવે'

* <u>દ્વન્દ્વ</u> <u>સમાસનાં</u> <u>સામાન્ય</u> <u>ઉદાહરણો</u>

રામસીતા - રામ અને સીતા
રાતદિવસ - રાત અને દિવસ
લાભાલાભ - લાભ અને અલાભ
હાથપગ - હાથ અને પગ
ભાઈબહેન - ભાઈ અને બહેન
હવા-પાણી - હવા અને પાણી

→ જ્યારે સમૂહનું સૂચન કરતો હોય ત્યારે સમુચ્ચય દ્વન્દ્વ સમાસ કહેવાય છે.

દા.ત - શાકભાજી

→ જ્યારે વિકલ્પ દર્શાવતો હોય ત્યારે વૈકલ્પીક દ્વન્દ્વ સમાસ કહેવાય છે.

દા.ત.

વીસ-પચ્ચીસ - વીસ કે પચીસ

દસબાર - દસ કે બાર

⇒ દ્વન્દ્વ સમાસનો વાક્યમાં પ્રયોગ

1) તમે ચા-કોફી લેશો (પીશો)?
 - તમે ચા લેશો? કે, કોફી લેશે?

2) રામસીતા વનમાં જાય છે.
 - રામ વનમા જાય છે. અને,
 - સીતા વનમા જાય છે

3) શંકરપાર્વતી કૈલાશમાં રહે છે.
 - શંકર કૈલાશમાં રહેછે. અને,
 પાર્વતી કૈલાશમાં રહે છે.

## (2) તત્પુરુષ સમાસ

→ જે સમાસમાં આગળનું પદ પાછળના પદ સાથે વિભક્તિસંબંધથી જોડાયેલું હોય તેને 'તત્પુરુષ' સમાસ કહે છે. વાક્યમાંના બીજાં પદો સાથે સીધું સંબંધિત પાછલું પદ હોય છે, તેથી એ પ્રધાન પદ છે. આગળનું પદ એની સાથે વિભક્તિસંબંધે જોડાયેલું હોઈ વાક્યની દૃષ્ટિએ એ ગૌણ પદ છે.

ઉદા. 'હમણાં બધી વસ્તુઓના બજારભાવ વધી ગયાં છે.'

આ વાક્યમાં 'બજારભાવ' એ સમાસમાંનો 'ભાવ' એ ઉત્તરપદ વાક્યનાં અન્ય પદો સાથે અન્વિત થાય છે.- જુઓ, 'હમણાં બધી વસ્તુનાં ભાવ વધી ગયા છે'- જ્યારે 'બજાર' એ પદ 'ભાવ' સાથે સંબંધવિભક્તિથી અન્વિત (બજારના ભાવ) છે. આ રીતે, અન્ય વિભક્તિસંબંધોવાળા તત્પુરુષ સમાસો પણ હોઈ શકે છે.

⇒ તત્પુરુષના ભિન્નભિન્ન પ્રકારો અને એનાં થોડાં લાક્ષણિક ઉદાહરણો નીચે પ્રમાણે છે.

(1) કર્તા તત્પુરુષ :- કર્તાના સંબંધવાળા અને 'એ' કે 'થી' અનુગથી વિગ્રહ પામતા સમાસો.

→ દેવદીધું - દેવે દીધેલું.

→ ઈશ્વરનિર્મિત - ઈશ્વરથી નિર્મિત

(2) <u>કર્મ</u> <u>તત્પુરુષ</u> : કર્મના સંબંધવાળા અને '<u>શૂન્યપ્રત્યય</u>' કે '<u>ને</u>' થી વિગ્રહ પામતા સમાસો :

- કલ્પનાગમ્ય -
- દૈવાધીન - દૈવને આધીન
- મનગમતું - મનને ગમતું
- પ્રાણઘાતું - પ્રાણને ઘાતું
- દૂધપીતું - દૂધને પીતું
- લોહીતરસ્યું -
- અલંકારભૂખ્યો - અલંકારને ભૂખ્યો
- કાપાભીનું - કાપા ને ભીનું

(3) <u>કરણ</u> <u>તત્પુરુષ</u> : કરણના સંબંધવાળા અને 'થી' 'વડે' એવો અનુગ કે નામયોગીથી વિગ્રહ પામતા સમાસો:

- કપોલકલ્પિત - કપોલ વડે ~~[illegible]~~ કલ્પિત
- કરુણાયુક્ત - કરુણાથી યુક્ત
- ખુશીઓભર્યો - ખુશીઓથી ભર્યો
- રસલીનું - ~~[illegible]~~ રસથી લીનું
- તર્કબદ્ધ - તર્કથી બદ્ધ
- કષ્ટસાધ્ય - કષ્ટ વડે સાધ્ય

(4) <u>તાદર્થ્ય</u> <u>તત્પુરુષ</u> = તાદર્થ્ય સંબંધવાળા અને ~~[illegible]~~ '<u>માટે</u>' થી વિગ્રહ પામતા સમાસો

- કાકબલિ - કાગડા માટેનો બલિ
- પ્રયોગશાળા - પ્રયોગ માટેની શાળા
- અભ્યાસક્રમ - અભ્યાસ માટેનો ક્રમ

- ગાડામાર્ગ - ગાડા માટે માર્ગ

એ નોંધપાત્ર છે કે ગુજરાતીમાં '-ન-' અનુગ આ સંબંધને વ્યક્ત કરી શકે છે. અને 'ઘરનો ખર્ચ', 'ગાડાનો માર્ગ' એવો વિગ્રહ ઘણો સાહજિક છે. એ દૃષ્ટિએ આ સમાસને આપણે સંબંધ તત્પુરુષ ગણીએ તો તાદર્થ્ય તત્પુરુષ સમાસો ગુજરાતીમાં વિરલ ગણાય.

5) <u>અપાદાન તત્પુરુષ</u> : અપાદાન સંબંધવાળા અને 'થી', 'માંથી', 'કરતાં' વગેરેથી વિગ્રહ પામતા સમાસો

- ઋણમુક્ત - ઋણ માંથી મુક્ત
- ધર્મભ્રષ્ટ - ધર્મ માંથી ભ્રષ્ટ
- બ્રાહ્મણેતર - બ્રાહ્મણથી ઈતર
- દુઃખવિમોચક - દુઃખ માંથી બહાર લાવનાર (વિમોચક)
- ગર્વશ્રીમંત - ગર્વથી શ્રીમંત
- સ્વાર્થરહિત - સ્વાર્થથી રહિત
-

(6) <u>સંબંધ તત્પુરુષ</u>

જેમાં સંબંધવિભક્તિ રહેલી હોય અને '-ન-' થી જેનો વિગ્રહ થતો હોય તેવા સમાસો :

- દેવાલય - દેવોનું આલય (સ્થાન)
- ગૌશાળા - ગાયોની શાળા
- દેશબંધુ - દેશના બંધુ
- વિદ્યાભ્યાસ - વિદ્યાનો અભ્યાસ
- રાજદરબાર - રાજાનો દરબાર

- લગ્નગાળો - લગ્નનો ગાળો
- ભમરભાવ - ભમરનો ભાવ
- જીવનસાધન - જીવનનું સાધન
- સ્વપ્નસંકેત - સ્વપ્નનો સંકેત
- પ્રણયનિરૂપણ - પ્રણયનું નિરૂપણ
- ગામલોકો - ગામના લોકો
- હાથચાલાકી - હાથની ચાલાકી.

(7) અધિકરણ તત્પુરુષ : જેમાં અધિકરણનો અર્થ રહેલો હોય અને 'એ', 'માં', 'પ્રતિ' થી જેનો વિગ્રહ થતો હોય એવા સમાસો.

- વ્યવહારકુશળ - વ્યવહારમાં કુશળ
- દાનવીર - દાનમાં વીર
- સ્વર્ગવાસ - સ્વર્ગમાં વાસ
- માતૃવત્સલ - માતૃ પ્રતિ વત્સલ
- વાણીશૂરો - વાણીમાં શૂરો
- વહુઘેલો - વહુ પ્રતિ ઘેલો

(8) અલુક તત્પુરુષ :

જેમાં ઉપરનામાંથી કોઈ પણ ભાતનો વિભક્તિસંબંધ હોય પણ વિભક્તિપ્રત્યયનો લોપ ન થયો હોય તેવા સમાસો: સંસ્કૃતમાં આ સમાસનાં ~~ઘણાં~~ સંસ્કૃતમાં આ સમાસનાં ઘણાં ઉદાહરણો મળે છે. - યુધિષ્ઠિર, વાચસ્પતિ, અંતેવાસી
પણ ગુજરાતીમાં 'ઘોડેસવાર', 'ગળેપડુ' જેવા કોઈક જ ઉદાહરણ મળે છે.

~~(૯) પ્રાદિ~~

## (૯) પ્રાદિ તત્પુરુષ

આ સમાસમાં પૂર્વપદનો આધાર ઉત્તરપદ હોય છે. પૂર્વપદ તરીકે પ્ર, અપ, સુ, કુ, વગેરે ઉપસર્ગો આવેલા છે.

દા.ત

પ્રખ્યાત - અતિશય (પ્ર) ખ્યાત

અપકીર્તિ - ખરાબ (અપ) કીર્તિ

સુગંધ - સારી ગંધ

## (૧૦) નઞ તત્પુરુષ

અહિં પૂર્વપદનો આધાર ઉત્તરપદ પર હોય છે. પૂર્વપદમાં 'અ', 'અન', 'ન', 'અણ', 'વણ', જેવા નકારવાચક પ્રત્યયો હોય છે

દા.ત

અશ્રદ્ધા - શ્રદ્ધા વગરનું

અજ્ઞાન - જ્ઞાન નથી તેવું

અણઆવડત - આવડત નથી તેવું

અનજાન -

નાલાયક - લાયક ના હોય તેવું

વણમાંગ્યું - માંગ્યું નથી તે.

## (3) કર્મધારય સમાસ

જે સમાસના પદો વચ્ચે વિશેષણવિશેષ્ય કે ઉપમાનઉપમેય કે ઉપમાન- સાધારણધર્મનો સંબંધ હોય અને તેને જાણવો એ એક જ અધિકરણમાં આવેલ કે વિભક્તિમાં આવતા હોય તે 'કર્મધારય' સમાસ તરીકે ઓળખાય છે ઉત્તરપદ અને પૂર્વપદ 'રૂપી', 'જેવું' શબ્દો વડે જોડાયેલા હોય છે.

ઉદા.

કૃષ્ણપક્ષ - કૃષ્ણ જેવો પક્ષ.

ઘનશ્યામ - ઘન જેવું શ્યામ.

સંસારસાગર - સંસાર રૂપી સાગર

જીવનનૈયા - જીવન રૂપી નૈયા.

કાજળકાળું - કાજળ જેવું કાળું.

→ કર્મધારય સમાસોને બે મોટા વર્ગમાં આપણે વહેંચી શકીએ. - વિશેષણ- વિશેષ્યસંબંધવાળા સમાસ અને સાદૃશ્યસંબંધવાળા સમાસો

## (4) દ્વિગુ સમાસ

આ સમાસ કર્મધારયનો જ એક પેટાપ્રકાર છે. એની વિશેષતા એ છે. કે એમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે. અને સમસ્ત પદ એકવચનમાં રહેલ સમાહારનો અર્થ વ્યક્ત કરે છે.

ગુજરાતીમાં આ જાતના સમાસોમાં ઘણી ઠેકાણે લિંગચિહ્ન કે 'ઈય' જેવા સાધક પ્રત્યય આવેલ છે.

દા.ત

નવરાત્રી - નવ રાત્રીનો સમૂહ

ત્રિભુવન - ત્રણ ભુવન

ચોમાસું - ચાર માસનો સમૂહ

ચોઘડિયું - ચાર ઘડીઓનો સમૂહ

અઠવાડિયું - આઠ દિવસ (વાર) નો સમૂહ

ચોતરફ - ચારે બાજુ (તરફ)

## (5) મધ્યમપદલોપી સમાસ :

જેમાં કોઈ ને કોઈ વિભક્તિસંબંધ હોય પણ વચ્ચેથી એક કે વધુ પદ લુપ્ત થયાં હોય અને જે વિગ્રહ વખતે ઉમેરવાં પડે તેવા સમાસોને "મધ્યમપદલોપી" સમાસ કહે છે.

ઉ.દા

કલ્પવૃક્ષ - કલ્પ - વિચારેલી ફળ આપતું વૃક્ષ

દહીંવડાં - દહીં થી ભીંજેલ વડાં.

ઘરજમાઈ - ઘરમાં રહેતો જમાઈ.

આગગાડી - આગ વડે ચાલતી ગાડી.

ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી.

ખિસ્સાબતી - ખિસ્સામાં રાખવાની બતી

શિલાલેખ - શિલા પર કોતરેલો લેખ.

(6) બહુવ્રીહિ સમાસ

કર્મધારયની જેમ આ સમાસમાં પૂર્વપદ વિશેષણ અને ઉત્તરપદ વિશેષ્ય હોય છે. છતાં બંનેમાં તફાવત છે. કર્મધારયમાં બંને પદ વચ્ચે પ્રથમા વિભક્તિનો સંબંધ હોય છે, જ્યારે બહુવ્રીહિ સમાસમાં પ્રથમા વિભક્તિ સિવાયની અન્ય વિભક્તિ-ઓની પૂર્વપદ અને ઉત્તરપદ જોડાયેલાં હોય છે. આ આખો સમાસ અન્ય કોઈના વિશેષણ તરીકે વપરાય છે. તેનો વિગ્રહ કરતી વખતે 'જે' પ્રત્યય લગાડવો પડે છે.

દા.ત. પીતાંબર : પીળું વસ્ત્ર જેનું છે તે

પુણ્યશ્લોક : જેનો શ્લોક સ્મરણ કરવાથી પુણ્ય થાય તે.

દશમુખ : જેને દશ મુખ છે તે.

⇒ સમાનાધિકરણ બહુવ્રીહિ :

અહીં પૂર્વપદ અને ઉત્તરપદ સમાન વિભક્તિમાં હોય છે.

દા.ત.

ચંદ્રવદન - ચંદ્ર જેવું વદન છે જેનું તે

તપોધન - તપ એ જ જેનું ધન છે તે.

નીલકંઠ - જેનો કંઠ નીલ વર્ણનો છે તે

ગજાનન - ગજના જેવું જેનું આનન છે તે

હરિણાક્ષી - હરણી જેવી જેની આંખો છે તે.

⇒ વ્યધિકરણ **બહુવ્રીહિ**

પદોની વચ્ચે ભિન્ન વિભક્તિસંબંધ હોય તેવા બહુવ્રીહિ સમાસ વ્યધિકરણ બહુવ્રીહિ તરીકે ઓળખાય છે.

દા.ત.

ચક્રપાણી - જેના પાણિ-હાથમાં ચક્ર છે. એવા.

સુખાંત - જેને અંતે સુખ છે. તે.

ચંદ્રમૌલી - ચંદ્ર~~મૌલી~~ છે મૌલી જેની તે.

દામોદર - દામનથી ઉદરે બાંધાયેલો છે તે

⇒ **પ્રાદિ** **બહુવ્રીહિ** :

પૂર્વપદમાં 'પ્ર', 'પરા' વગેરે ઉપસર્ગો આવેલા હોય છે. અને ઉત્તરપદ નામ હોય છે. પૂર્વપદ કોઈ પૂર્વપ્રત્યય હોય તેવા પ્રાદિ બહુવ્રીહિ

દા.ત.

નિર્મળ - નીકળી ગયો છે મળ જેમાંથી તે.

વિધવા - વિગત છે ધવ (પતિ) જેનો તે

ઉત્કંઠ - ઊંચો છે જેનો

નિર્જન -

પ્રબળ -

નિષ્ફળ -

નિર્ધન -

⇒ નઞ. બહુવ્રીહિ સમાસ

પૂર્વપદમાં અ, અણ, અન, વગ, જેવા નકારાત્મક ઉપસર્ગ લાગ્યા હોય ત્યારે નઞ બહુવ્રીહિ છે.

દા.ત

અજ્ઞાની - નથી જ્ઞાન જેનામાં તે

નિર્બળ - નથી બળ જેનામાં તે

અણગમતું - નથી ગમતું તે

વણજોઈતું - નથી જરૂર જેની તે.

અભણ - જેની ભણેલી નથી તે.

⇒ એ નોંધપાત્ર છે કે ગુજરાતીમાં ઉત્તરપદ વિશેષણ હોય તેવા બહુવ્રીહી સમાસ પણ વિકસ્યા છે.

દા.ત

હૈયાસૂન, માથાભારે, પેટભરું

→ આમાં ઉત્તરપદ વિશેષણ તરીકે કામ કરતું ભૂતકૃદંત પણ હોય છે

દા.ત

હૈયાફૂટું, છોકરકું, મોંબળ્યું. માથાફરેલ, કેડભાંગલું

આ રીતે ગુજરાતીમાં બહુવ્રીહિ સમાસની કાર્યશીલતા ધ્યાન ખેંચે એવી છે

## (7) ઉપપદ સમાસ

ઉપપદ સમાસ પણ આમ તો તત્પુરુષનો જ પ્રકાર છે. કેમકે એનાં પદો વચ્ચે કોઈ ને કોઈ વિભક્તિસંબંધ હોય છે, પણ એમાં પૂર્વપદ નામિક હોય છે. અને ઉત્તરપદ આખ્યાતિક હોય છે. તથા સમસ્ત પદ અન્ય પદના વિશેષણ તરીકે વપરાય છે. એટલે આ અન્યપદપ્રધાન સમાસનો પ્રકાર છે.

**દા.ત**

સરોજ - સરોવરમાં જન્મનાર

મનોહર - મનને આનંદ આપનાર

કાર્યકર - કાર્ય કરનાર

ગિરિધર - ગિરિને ધારણ કરનાર

બ્રહ્મસ્થ - બ્રહ્મમાં રહેનાર

વસુધા - વસુને ધારણ કરનાર

ઉપપદ સમાસના સમસ્ત પદો કોઈ અન્ય પદના વિશેષણ તરીકે વપરાય છે.

**દા.ત**

⇒ મારે તો ગિરિધર ગોપાલ શ્રી કૃષ્ણનાં ચરણોમાં જવું છે

⇒ મનોહર નૃત્યાંગનાઓ નૃત્ય કરે છે

⇒ કાર્યકર અમનભાઈ ભાજપ પક્ષનાં છે

## (૪) અવ્યયી ભાવ સમાસ

જે સમાસોમાં પૂર્વપદ અવ્યયી હોય અને આખો સમાસ ક્રિયાપદ વિશેષણ અવ્યય તરીકે વપરાતા હોય ત્યારે

ઉદા.ત

યથાબુદ્ધિ - બુદ્ધિ પ્રમાણે

પ્રતિદિન - પ્રત્યેક દિવસ

આજન્મ - જન્મ સુધી.

⇒ પૂર્વ પદ અવ્યયી હોય એટલે કે લિંગ, વચન અને કાળના પ્રયોગોમાં ફેરફાર કરી ન તે પદને વિકૃત કરી ના શકાય અને તે પદ તેવુ ને તેવુ જ રહે એટલે કે અવ્યયી રહે (જેના વ્યય (બગાડ) ના થાય) તેવું.

⇒ ઉ.દા

યથાન્યાય, યથાશક્તિ, યથામતિ, પ્રત્યક્ષ, યથાયોગ્ય પ્રતિવર્ષ, યથેચ્છા, આજીવન, આમરણ, હરરોજ, દરવખત,

HAY

Head of Gujarati Dept
Gujarat Arts & Science Colleg

સ્થાપના ૧૮૬૩

# ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ

એલીસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

(ગુજરાત સરકાર)

(NAAC Accredited Grade 2.83)

ફોન : ૦૭૯-૨૬૪૪૬૦૩૦ ફેક્સ : ૦૭૯-૨૬૪૪૬૦૩૦ ઈમેલ : gascprin@gmail.com


## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે બી .એ. સેમ – VI માં અભ્યાસ કરતાં સાધુ ચેતનભાઈ નટુભાઇએ પ્રોજેક્ટ 'કોશવિજ્ઞાનનું મહત્વ' પર સંતોષકારક પ્રોજેક્ટ પૂર્ણ કરેલ છે. તેમણે કરેલું કાર્ય વ્યાપક તેમજ સમાજને ઉપયોગી નીવડશે.તેમના આ વિદ્યાકીય અભ્યાસ બદલ તેઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે .

Head of Gujarati Dept
Gujarat Arts & Science College
Ahmedabad

ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ,અમદાવાદ.

# ગુજરાતી વિભાગ

શૈક્ષણિક વર્ષ : 2022-2023

Project Details

| | | | |
|---|---|---|---|
| 2 | અનુવાદવિજ્ઞાન: સંજ્ઞા અને શાસ્ત્ર | M.A SEM-IV | વાઘેલા હીના જીગ્નેશભાઈ |
| | | | ઠાકોર રિદ્ધિ અજીતભાઈ |
| | | | પ્રજાપતિ ભૂમિકા જીવનભાઈ |
| | | | વસાવા જીગ્નેશ દેવજીભાઈ |
| | | | શેખ ચેતનભાઈ ઘનશ્યામભાઈ |

# INDEX


| અનુવાદવિજ્ઞાન: સંજ્ઞા અનેશાસ્ત્ર | |
|---|---|
| અનુક્રમમણિકા | પ્રકારણના નામ |
| 1 | ' અનુવાદવિજ્ઞાન ' વ્યાખ્યા અને વિભાવના |
| 2 | 'અનુવાદ' વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અને તેમાં આવતી મુશ્કેલીઓ |
| 3 | 'અનુવાદ' ના પ્રકારો અને સાહિત્યકૃતિનો અનુવાદ |
| 4 | 'અનુવાદ'નો હેતુ અને જરૂરિયાત |
| 5 | 'અનુવાદ' કળા કે વિજ્ઞાન ? |

1-1 → અનુવાદ સંજ્ઞા સમજાવી, તેના લક્ષણો સ્પષ્ટ કરી તેની ઉપયોગીતા જણાવો

## પ્રસ્તાવના

જ્યારે આપણે આપણા આપણો શહેર કે રાજ્યની બહાર જઈએ છીએ ત્યારે અન્ય ભાષા બોલનારાઓને આપણે જોઈએ છીએ. ત્યારે અન્ય ભાષા બોલનારાઓને આપણે જોઈએ છીએ. તેમની સાથે આપણે તેમની ભાષામાં બોલવું પડે છે એ આપણે જોતે તે બંને કોઈ એક વિશેષ ભાષા જાણતા હોઈએ તો તે ભાષામાં વાતચીત થઈ શકે છે, જેમ કે અંગ્રેજી કે હિન્દી જાણનારા ભિન્ન ભિન્ન ભાષા-ભાષીઓ પરસ્પર અંગ્રેજીમાં કે હિન્દીમાં વાતચીત કરી શકે છે આમ ભાષામાં વાક્ય કહેલી વાતને બીજી ભાષામાં રજૂ કરવી કે સમજાવવી એ જ અનુવાદ છે.

→ અનુવાદની સંજ્ઞા / વ્યાખ્યા :

અનુવાદ 'સંસ્કૃત' શબ્દ છે. આમાં અનુ ઉપસર્ગ છે. વદ = કહેવું, વાદ = કથન, અનુ = વાદમાં આવતા પુનઃ આવી અનુવાદની વ્યુત્પત્તિ છે. પુનઃ કથનઃ સ્પષ્ટ એ છે કે એક ભાષામાં કહેલી વાત બીજી ભાષામાં ફરીથી કહેવી એ અનુવાદ છે. કહેવાને બદલે લખવી એ લેખિત અનુવાદ છે અને કહેવી મૌખિક અનુવાદ છે.

" મૂળ ભાવોને જાળવીને તેને બીજી ભાષામાં રજૂ કરવું, એ અનુવાદ છે"

(સેમ્યુઅલ જહોન્સન)

## * અનુવાદક લક્ષણો :

કેટલાક પ્રસંગો ખાસ કરીને આ બધી કાર્યક્ષમ આવે છે. જેમાં અનુવાદક વિભિન્ન વિષયની સામગ્રીનો ઉપયોગ અનિવાર્ય કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં આદર્શ અનુવાદ પોતાના ગમા ક્ષેત્રના પાયાના ગ્રંથો પહેલેથી વાંચી ને તે વિષયોથી પરિચિત થઈ જાય છે. આ મૂળભૂત માહિતી તેને નવો વિષય ગ્રહણ કરવામાં ઘણી સહાયક થઈ પડે છે. આદર્શ અનુવાદક મૂળનો અર્થ સ્પષ્ટ સમજવા માટે શબ્દકોશ આદિની મદદ લે છે. ને વિશેષજ્ઞો પાસેથી શંકાનું સમાધાન પણ કરી લે છે

તેથી તેમની રુચિ, યોગ્યતા, કાર, પૃષ્ઠભૂમિ આદિ અનુસાર જ અનુવાદનો પ્રકાર અપનાવવો જોઈએ, જેમકે એક જાણ વૈજ્ઞાનિક લેખોનો અનુવાદ વિદ્વાન સંશોધક લોકભોગ્ય વૈજ્ઞાનિક સામગ્રી તૈયાર કરવા માટે આ પ્રકારની શિસ્ત અનુવાદ ગણવો.

જેમ મૌલિક રચના માટે પ્રતિભાની અપેક્ષા છે તેમ આદર્શ અનુવાદ માટે પણ પ્રતિભા અપેક્ષિત છે.

અનુવાદ એક વાર લોકપ્રિય થયા પછી એના વાચકો આપોઆપ મળી રહે છે વાચક એ નોંધ કરવામાં આવ્યો છે કે બીજી કે ત્રીજી ભાષામાંથી.

## ⇒ અનુવાદની ઉપયોગીતા :

આમેય આપણે આપણી માતૃભાષાથી ભિન્ન ભાષામાં બોલીએ છીએ ત્યારે આપણે આપણા મન બહાર અનુવાદ કર્યે જઈએ છીએ.

પહેલાં આપણે માતૃભાષામાં વિચારીએ છીએ: પછી તેનો મનમાં જ અન્ય ભાષામાં અનુવાદ કરીએ છીએ. આ અનુવાદિત ભાષા આપણા મોંમાંથી નીકળે છે

આજ, કારણવશ આપણે કોઈ પણ અન્ય ભાષા બોલીએ ત્યારે તેના પર પરોક્ષ રીતે પણ અન્ય ભાષા બોલીએ ત્યારે આપણી માતૃભાષાની સહેજ સહેજ અસર પડતી જણાય છે

## પત્રવ્યવહાર :

પત્રવ્યવહાર પોતાની પ્રાદેશીક ભાષામાં થતો હોય ત્યાં અનુવાદ જરૂર પડતી નથી પરંતુ એક જ પ્રદેશમાં કેટલાક અન્ય ભાષા-ભાષીઓ પેઢીઓથી રહે છે. તેમને આ પ્રાદેશીક ભાષા પરભાષા હોય છે કે વેપારી ઓરી કંપનીમાંથી માલ મંગાવે છે કે તેને વેચે છે તેમને તે કંપનીઓ સાથે પત્રવ્યવહાર કંપનીની ભાષામાં કરવો પડે છે વિદેશી કંપનીઓ પોતાના દેશની ભાષામાં પત્રવ્યવહાર કરે છે.

## * ધર્મક્ષેત્ર :

ધર્મના ક્ષેત્રમાં લગભગ બધું બધા દેશો કોઈ વિશિષ્ટ ભાષામાં વ્યવહાર કરે છે. જેમ કે ભારતમાં સંસ્કૃત મુખ્યત્વે હિંદુઓની ભાષા રહી છે તેથી પછીતો લોકોમાં ધર્મપ્રચાર કરવા અનુવાદોનો ઉપયોગ કરે છે

## * ન્યાયમંદિરો :

આ વાતાવરણમાં અંગ્રેજી અને પ્રાદેશીક ભાષાનો અવારનવાર અસીલની ભાષામાં અનુવાદ કરવામાં આવે છે જ્યારે કેસ સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરવો પડે છે; અનુવાદ કરવામાં જ કેટલાય મહિનાઓ સુધી કેટલાય માણસોમાં વ્યવસ્થા કરવું પડે છે.

## * કાર્યાલયોની :

આપણા દેશમાં મોટાભાગના કાર્યાલયોની ભાષા અંગ્રેજી છે. વા ફક્ત પંચાયત અને ગામડાઓના સ્તરે પ્રાદેશીક ભાષાઓમાં વ્યવહાર કરવામાં આવે છે. સામાન્ય લોકોને પોતાની અરજીઓ અંગ્રેજીમાં લખવી પડે છે અહીંથી અનુવાદની પ્રક્રિયા શરૂ થાય છે

## * શિક્ષણનું ક્ષેત્ર :

શિક્ષણનું ક્ષેત્ર અનુવાદ વગર આગળ આવી શકે નહિ. આધુનિક યુગમાં વિજ્ઞાન સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગણિત વગેરે વિષયો શીખવામાં અને શિખવાડવામાં આવે છે.

* **સાંસ્કૃતિક સંબંધ :-**

આ દ્રષ્ટિએ સાંસ્કૃતિક સંબંધો માટે અનુવાદ અતિ આવશ્યક છે કોઈ પણ દેશની સંસ્કૃતિ અને કલાની પરિચય આપણ દેશની પ્રજાને તેમની ભાષામાં આપવો પડે છે. પ્રત્યેક દેશવાસી પડોશી કે દૂર દેશોની ભાષાઓ સમજે.

* **આંતરરાષ્ટ્રીય સ્તર :-**

વૈજ્ઞાનિક સંશોધનમાં રશિયા આગળ નિકળી જવાથી રશિયન ભાષાને પણ એટલું જ મહત્વ આપવામાં આવે છે. અમેરીકા અને ઈંગ્લેન્ડમાં રશિયન ગ્રંથોના અનુવાદ લોકપ્રીય અને ઉપયોગી નીવડી રહ્યા છે.

* **માધ્યમો :-**

વિશ્વના માધ્યમોમાં અનુવાદનો પ્રયોગ અનિવાર્ય હોય છે. વર્તમાનપત્ર, રેડીયો અને દુરદર્શન આ વધારે લોકપ્રીય માધ્યમો છે. રાઈટર જેવી આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સી અન્ય દેશોની ભાષાઓના છાપેલ અને પ્રસારીત કરેલા સમાચાર વગેરે અનુવાદ કરીને પોતાના વાચકોને પહોંચાડે છે

* **રેડીયો ક્ષેત્ર :-**

આકાશવાણી ભારતની પ્રચલિત બધા ભાષાઓમાં સમાચાર પ્રસારીત કરે છે. કુલ બાવીસ ભાષાઓમાં દરરોજ કેટલીય વાર સમાચાર પ્રસારણ થાય છે આ બધુ અનુવાદ દ્વારા તૈયાર કરવામાં આવે છે

* **સાહિત્ય :-**

પ્રાચીન ભાષાઓનું વાઙ્મય આધુનિક યુગમાં વાચક અનુવાદના આધારે જ સમજી શકે છે આપણા દેશોમાં પહેલા સંસ્કૃત સાહિત્ય ખુબ વંચાતું હતું. એથી અનુવાદથી જ આપણે સંસ્કૃતની રસાળતા માણી શકીએ.

= x = x =

પ્ર-૨ અનુવાદની સંકલ્પના વિશે જણાવી, અનુવાદના મહત્વના પ્રકારો જણાવો.

## પ્રસ્તાવના

અનુવાદક પ્રતિનિર્માણ કરે છે એવો એક મત છે ભાષાની 'કાદંબરી' વિશે લખતા ભાષાની પ્રતિનિર્માણ શક્તિને અંજલી આપી છે 'કાદંબરી' મૂળ બાણરચિત 'કાદંબરી'નું પ્રતિનિર્માણ છે અર્થને અભિવ્યક્ત કરવાને માટે જે એક હેતુ હતો તે ઉતરી ગયો છે ભિન્ન ભાષાઓમાં વતાઓકો કરક રહેવાનો વળી આંગળાની મુદ્રાઓ વ્યક્તિએ વ્યક્તિએ જુદી પડે છે. તેમ શબ્દરચના પણ જુદી પડે છે.

## * અનુવાદની સંકલ્પના :

અનુવાદ કે મૂળ ભાષાની કૃતિ આકૃતિને નજરમાં રાખવી જોઈએ. આમ કુશળતા શબ્દોની વરણીમાં અનુકૂળતા રહે છે. જેડે અનુવાદ માટે જે 'એકમ' નક્કી કરવું જોઈએ તે પૅરેગ્રાફ હોય તો તે ઠીક છે. તેથી મૂળ કૃતિનું પ્રત્યેક 'તત્વ' લક્ષ્ય ભાષામાં ઉતરતા જ રહી ન જાય આ તત્વોનો અનુક્રમ લક્ષ્ય ભાષામાં જળવાઈ રહે તે પણ તેટલું જ મહત્વનું છે

1) અનુવાદકે મૂળ ભાષાના શબ્દો આપવા
2) અનુવાદકે મૂળ ભાષાના કહેવાયેલા વિચાર આપવા જોઈએ.
3) અનુવાદ મૂળ કૃતિના જેવો જ વંચાવો જોઈએ
4) અનુવાદ અનુવાદની જેમ જ વંચાવવો જોઈએ
5) અનુવાદ મૂળનો સંગકાલીન લાગવો જોઈએ.

## * અનુવાદના પ્રકારો :

'કાલિદાસના', 'રઘુવંશ'ના પહેલા શ્લોકમાં પાર્વતી અને પરમેશ્વરની સ્તુતિ છે કવિએ કાવ્યનું શરીર અને અર્થને કાવ્યની આત્મા કહ્યો છે. શરીર વિના આત્માનું અસ્તિત્વ નથી અને આત્માં વગર શરીર જડ હોય અનુવાદક મૂળ સાહિત્યનો અનુવાદ કરે છે બધાના આધારે અનુવાદના ચાર મુખ્ય વિભાગમાં કરવામાં આવ્યા છે.

* અનુવાદના પ્રકાર

1) શાબ્દિક અનુવાદ
2) ભાવાનુવાદ
3) શબ્દપ્રતિશબ્દ અનુવાદ
4) છાયાનુવાદ.

⇒ **શાબ્દિક અનુવાદ :**

અહીં મૂળ સાહિત્યને અનુસરવામાં આવે છે. આમાં કોઈ ભાષાના ભાવને બીજી ભાષામાં રૂપાંતર કરતી વખતે પ્રત્યેક શબ્દ, પદ, વાક્ય, વાક્ય વગેરેના મહત્વ પર ધ્યાન આપવામાં આવે છે જેમ કે વિજ્ઞાન, કાયદો, એન્જિનિયરીંગ વગેરે

⇒ **શબ્દપ્રતિશબ્દ અનુવાદ :**

અનુવાદના શબ્દ પર આધારીત વિભિન્ન ભેદોમાં શબ્દપ્રતિશબ્દ અનુવાદ કેવળ સિદ્ધાંત કે સંકલ્પના રૂપમાં જ વપરાય છે.

→ Ram kiled Ravan.
રામે માર્યો રાવણ.

→ yesterday I saw a film.
મેં કાલે ચિત્રપટ જોયું.

જ્યાં સુધી અનુવાદમાં લક્ષ્યભાષાનો અનુવાદ ન થાય ત્યાં સુધી આ અનુવાદ અધૂરી રહેશે. વિજ્ઞાન આદી વિષયોના સંશોધન ગ્રંથોના શબ્દશબ્દ અનુવાદ સમજી શકે.

Ex. Now the time come for elizabeth's child to be born, and she gave birth to a son.
હવે એલીઝાબેથનો પ્રસવકાળ પૂરો થયો અને તેણે એક પુત્રને જન્મ આપ્યો.

⇒ **ભાવાનુવાદ :**

આમાં મૂળ કૃતિના ભાવને રજૂ કરવાનો પ્રયત્ન હોય છે. આમાં લક્ષ્ય ભાષાની પોતાની શબ્દરચના, વાક્યરચના, રૂઢિપ્રયોગો આદિની વ્યવસ્થા વધુ રહે છે. સર્જનાત્મક કૃતિઓ માટે ભાવાનુવાદ જ ઉચિત છે.

## છાયાનુવાદ :

મૂળ કૃતિ વાંચ્યા પછી અનુવાદક સમજ્યા વગર જે મૂળ કૃતિનું લક્ષ્યભાષામાં જે રૂપાંતર કરે છે. તેને છાયાનુવાદ કહેવામાં આવે છે. અનુભવ્યું હોય તેનો મન પર પ્રભાવ પડે છે. તેના સંદર્ભમાં

" છાયાનુવાદ એવા જ શબ્દાનુવાદની જેમ મૂળ શબ્દોને ન અનુસરે પરંતુ બંને દૃષ્ટિકોણ પર રહીને તેની છાયા લઈને ચાલે ."

ડૉ. ભોલેનાથ તિવારી.

## ⇒ રૂપાંતર :

રૂપાંતર એટલે કે રોપણી છોડને વિદેશી ધરતી પરથી ઉખાડીને પોતાની ધરતી અને આબોહવાને અનુરૂપ થાય એ રીતે રોપવો. આ માટે અત્યંત કુશળ, કોમળ અને મમતાપૂર્ણ કાળજીભરી દેખરેખની આવશ્યકતા છે.

## → અનુસર્જન :

સારો કવિ જ કવિતાનો સફળ અનુવાદ કવિતામાં કરી શકે છે. તેઓ ભાવાત્મક અનુવાદથી એક ડગલું આગળ વધે છે

= × = × =

P-3 અનુવાદને તમે વિજ્ઞાન કે કલા તરીકે ઓળખો છે અને મૂળ અનુવાદની સમસ્યા વર્ણવો.

## પ્રસ્તાવના

પ્રાચીન કાળમાં અનુવાદ તો થતા હતાં હતા. પરંતુ તેના આંતરંગ તત્વો વિશે વિચાર કરવામાં આવતો ન હતો, આ સદીમાં પાશ્ચાત્ય વિચારકો એ આના ઉપર ગંભીરતાથી વિચાર વિશ્લેષણ શરૂ કર્યું. તેઓ અનુવાદને વિજ્ઞાનની કક્ષા સુધી લઈ ગયા. વિજ્ઞાન શબ્દની વિભિન્ન વ્યાખ્યાઓ જોઈએ.

→ શાસ્ત્રકોશના કહેવા પ્રમાણે :

'શિષ્યતે અનેન ઈતિ શાસ્ત્ર'
શાસ્ + ત્ર

1) જ્ઞાન
2) ક્રમબદ્ધ અને સિદ્ધાંતના રૂપમાં રચેલું જ્ઞાન
3) જ્ઞાનની શાખા
4) તે જ્ઞાનનું રચેલું સ્વરૂપ કે કોઈ વિષય પર સંયોજિત અથવા એકત્રિત થયું છે

જો અનુવાદ વિજ્ઞાન ન હોત તો કમ્પ્યુટરના સહારે અનુવાદ શક્ય ન થાત આ દ્રષ્ટિએ વિજ્ઞાનના આપણને ઘણા મુદ્દા મળે છે.

સ્રોતભાષા → વિકેન્દ્રીકરણ → કેન્દ્રીકરણ લક્ષ્યભાષા
(Decoding) (Encoding)

સ્રોત ભાષાના ભાવોનું અનુવાદ દ્વારા ગ્રહણ, તેનું માનસિક રૂપે ભાષાંતર ત્યાર પછી લક્ષ્યભાષામાં તેની અભિવ્યક્તિ.

"Translation is par more, than a Sceince. it is also a skill and in the ultimate analysis fully translation is always an art"

છ) અનુવાદ વિજ્ઞાન કરતાં ક્યાંય ઉચ્ચ છે. તે કૌશલ્ય પણ છે. અંતિમ વિશ્લેષણમાં સીધુ થાય છે. કે સંપૂર્ણ સંતોષજનક અનુવાદ હંમેશા એક કલા રહ્યો છે.

અનુવાદની કલા તરીકે પ્રતિપાદન કરનારા અનેક તર્કો કે અનુવાદની પરિભાષાઓ આના પર ભાર મૂકે છે અનુવાદનો આકાર પણ. બનવુ પડે છે

– લુવરનો મન

## ઉપસંહાર

અનુવાદને વિજ્ઞાન અને કલા ઉપરાંત કૌશલ્ય પણ માનવામાં આવે છે. આ વિચારનો મૂળ ભાવ એ છે કે અનુવાદ સહજ કલા નથી, તેમાં પ્રશિક્ષણ આવશ્યક છે. ને ઉપયોગી કલા છે. અને કૌશલ્ય એટલા માટે માનવામાં આવે છે કે વિષય અને પ્રકાર અનુસાર કૌશલ્ય બદલાય છે. અને તેમાં પ્રશિક્ષણ આપવું જરૂરી થઈ જાય છે. ન્યાયમંદિરો, વર્તમાનપત્ર કાર્યાલય, સામાન્ય કાર્યાલયમાં નવા સાહિત્ય માટે જ્ઞાનનિર્માણ આદી ભિન્ન-ભિન્ન ક્ષેત્રોમાં અનુવાદની કુશળતા વિભિન્ન રૂપ ધારણ કરે છે. આમ અનુવાદને વિજ્ઞાન, કલા અને કૌશલ્ય ત્રણે ગણી શકાય છે.

— x — x — x —

પ્ર- 4 ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓને આધારે ટાગોરની વાર્તાકળાનો સદ્દષ્ટાંત પરિચય કરાવો.

## પ્રસ્તાવના

ટાગોરની 'સાધના' સમયગાળામાં 1891 થી 1895 નો સમાવેશ થાય છે. જે ટાગોરના અનેક ટૂંકીવાર્તાઓમાંથી અનેકનું નામ આપ્યું છે. આ સમયગાળો ટાગોરનો અત્યંત ફળદ્રુપ ગાળો હતો. જેમાં અડધી જેટલી વાર્તાઓ લખવામાં આવી હતી અને તેમાં પ્રબળ લોકકથાઓ નો સમાવેશ થતો હતો. આ પ્રકારની વાર્તાઓ સામાન્ય રીતે આધુનિક અને ક્રમિક વિચારો અને સમૃદ્ધ માનસિક કોયડાઓ જેવી ટાગોરની આસપાસની પરિસ્થિતિનું પ્રતિબિંબ પાડે છે

* **જીવન** :

જન્મ :- 7 મે 1861 (કોલકતા)

મૃત્યુ : 7 ઓગસ્ટ 1941 (કોલકાતા)

વ્યવસાય : ચિત્રકાર, કવિ, સંગીત, સ્થાપિત નાટ્યકાર, નિબંધકાર

કાર્ય : ગીતાંજલી

શૈલી : નવલકથા

* **વાર્તાકાર તરીકે** :

"કાબુલીવાલા" નામની વાર્તામાં ટાગોરે પ્રથમ વખત અફઘાની ફેરીયાઓની વાતને વાચા આપે છે. તેઓ ભારતીય શહેરી જીવનમાં ભૌતિક સુખ અને ભૂખમરાની હદમાં લાંબાગાળાની લાગણીઓ સમજવાનો પ્રયત્ન કરે છે. જેમાં તેઓ દૂર અને ગાઢ પર્વતોમાં આવેલ વિવિધ વસતીના સામાન્યોને નાટક સ્વરૂપે રજૂ કર્યા છે

" તે પાનખરની સવાર હતી. તે એ સમય હતો જ્યારે ...ના જમાનામાં રામ વિશ્વ વિજયી થવા નીકળે છે. અને હું. ...ક્ષમાના નાના ખૂણામાં ક્યાંય ગયો નથી. પરંતુ મારા હિમાલયને ...ના વિશ્વમાં ફેરવીશ. અન્ય દિશામાં મારું લક્ષ્ય બહાર જશે.

ટાગોરના ગોલપોગુચ્છો બંગાળી સાહિત્યમાં અત્યંત લોકપ્રિય રચનાઓ છે. જેણે ઘણી સફળ ફિલ્મો અને થિયેટરનાં નાટકમાં વિષયવસ્તુ પૂરા પાડ્યા છે

અતિથિમાં એક યુવાન બ્રાહ્મણ યુવક તારાપદ ગામના જમીનદાર સાથે નૌકાવિહારનો આનંદ માણે છે. યુવાન કહે છે કે તે ગામ ફરવાના ઉદ્દેશથી ઘરેથી ભાગી ગયો છે. દયા આવતા જમીનદાર તેને દત્તક લે છે અને અંતે જમીનદારની પોતાની દીકરી સાથે તેના લગ્ન ગોઠવે છે. લગ્નની એક રાત પેલા તારાપદ ફરીથી ભાગી જાય છે. નાયિકા ચારુલતા કે ખાસ પ્રકારના પુરુષપ્રધાન બંગાળી મધ્યમ વર્ગીય વ્યક્તિની પ્રતી છે

હૈમંતીમાં ટાગોર પરિણિત બંગાળી સ્ત્રીના બહાર જીવન અને દંભની બિમારી ભારતીય મધ્યમ વર્ગની કેવી રીતે ભરડામાં લે છે તે વર્ણવતા હિન્દુ લગ્નની વાત કરે છે તેમજ સંવેદનશીલ યુવાન સ્ત્રી હૈમંતી તેની સંવેદનશીલતા અને ખુલ્લા હૃદયનું તેના જીવનનું બલિદાન આપે છે. તે પણ છેલ્લા ભાગમાં ટાગોર પોતાના પ્રતી રામની કંડાનું સમાધાન કરવા માટે સીતાએ આત્મવિલોપનના પ્રયત્ન કેટલા શુદ્ધિ માટે સ્વરૂપ આપવા બાબતે કીધો જ હુમલો કરે છે.

* = * = * = * = *

સ્થાપના ૧૮૬૩

# ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ

એલીસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

(ગુજરાત સરકાર)

(NAAC Accredited Grade 2.83)

ફોન : ૦૭૯-૨૬૪૪૬૦૩૯ ફેક્સ : ૦૭૯-૨૬૪૪૬૦૩૯ ઈમેલ : gascprin@gmail.com

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે એમ .એ. સેમ – 4 માં અભ્યાસ કરતાં વાઘેલા હીનાબેન જીગ્નેશ ભાઇએ પ્રોજેક્ટ 'અનુવાદ સંજ્ઞા અને શાસ્ત્ર' પર સંતોષકારક પ્રોજેક્ટ પૂર્ણ કરેલ છે. તેમણે કરેલું કાર્ય વ્યાપક તેમજ સમાજને ઉપયોગી નીવડશે.તેમના આ વિદ્યાકીય અભ્યાસ બદલ તેઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે .

Head of Gujarati Dept
Gujarat Arts & Science College
Ahmedabad.

ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ ,અમદાવાદ.

# ગુજરાતી વિભાગ

શૈક્ષણિક વર્ષ : 2022-2023

## Project Details

| | | | |
|---|---|---|---|
| 4 | ગુજરાતી ભાષામાં વાક્ય રચના | બી.એ. સેમ - VI | વસાવા દિવ્યેશભાઈ રામસિંગભાઈ |
| | | | વાણિયા નીતા મનુભાઈ |
| | | | યાદવ સાહિલ મહેન્દ્રભાઈ |
| | | | રાજપૂત પૂજા માનસિંગ |
| | | | પટણી રાહુલ મહેશભાઈ |

# INDEX


| ગુજરાતી ભાષામાં વાક્ય રચના | |
|---|---|
| અનુક્રમણિકા | પ્રકરણના નામ |
| 1 | વાક્યની વ્યાખ્યા ,વિભાવના અને તેના પ્રકારોની સમજૂતી |
| 2 | પ્રયોજનની દ્રષ્ટિએ વાક્યના પ્રકારો |
| 2.1 | નિર્દેશાર્થક વાક્યરચના |
| 2.2 | પ્રશ્નાર્થક વાક્યરચના |
| 2.3 | અજ્ઞાનાર્થક વાક્યરચના |
| 2.4 | વિધ્યર્થ વાક્યરચના |
| 2.5 | ઉદગારવાચક વાક્યરચના |
| 3 | કારકત્વની દ્રષ્ટિએ વાક્યના પ્રકારો |
| 3.1 | કર્તરી વાક્યરચના |
| 3.2 | કર્મણિ વાક્યરચના |
| 3.3 | ભાવે વાક્યરચના |
| 3.4 | પ્રેરક વાક્યરચના |
| 4 | રચનાની દ્રષ્ટિએ વાક્યના પ્રકારો |
| 4.1 | સાદી વાક્ય રચના |
| 4.2 | મિશ્ર વાક્યરચના |
| 4.2.1 | સયુંકત વાક્યરચના |
| 4.2.2 | સંકુલ વાક્યરચના |

એકમ - ૪

## * વાક્યના પ્રકાર *

→ વાક્ય એટલે શું ?

એક કે વધારે પદો મળીને અર્થ સ્પષ્ટ કરે તેવા સમૂહને આપણે વાક્ય કહીએ છીએ. વાક્યની રચના કરતી વખતે આપણે વાક્યમાંનાં પદોને ચોક્કસ ક્રમમાં ગોઠવીએ છીએ.

વાક્ય નાનું હોય કે મોટું, તે પૂરેપૂરો અર્થ પ્રગટ કરી આપતું ન હોય તેને વાક્ય નહિ, પણ વાક્યખંડ કે પદ-સમૂહ તરીકે જ ઓળખી શકાય. વાક્ય એક શબ્દનું પણ હોય, વાક્ય ક્રિયાપદ વગરનું પણ હોય અને ક્રિયાપદવાળું પણ હોઈ શકે. વાક્યરચના ~~ભિન્ન~~ વિવિધ રીતે થાય છે. ભાષામાં સરસ રીતે અને અસરકારક રીતે વિચારોની કે ભાવની અભિવ્યક્તિ થાય એ એની મુખ્ય શરત છે.

## વાક્યના પ્રકારો

- પ્રયોજનની દૃષ્ટિએ
  - જાણકારી આપવી - નિર્દેશાત્મક
  - જાણકારી મેળવવી/ચકાસવી - પ્રશ્નાર્થક
  - સીધી પ્રેરણા - આજ્ઞાર્થક
  - આડકતરી પ્રેરણા - વિધ્યર્થ
  - ભાવની અભિવ્યક્તિ - ઉદ્ગારવાચક
- કારકત્વની દૃષ્ટિએ
  - કર્તરી વાક્ય
  - કર્મણી વાક્ય
  - ભાવે વાક્ય
  - પ્રેરક વાક્ય
- રચનાની દૃષ્ટિએ
  - સાદી વાક્યરચના
  - મિશ્ર વાક્યરચના
    - સંયુક્ત વાક્યરચના
    - સંકુલ વાક્યરચના

→ વાક્યના પ્રકારો (વિસ્તૃત)

## પ્રયોજનની દૃષ્ટિએ

વક્તા જ્યારે ભાષા વાપરે છે. ત્યારે તેના મનમાં રહેલી માહિતી, જિજ્ઞાસા, ભાવ આદિને વ્યક્ત કર્યો હોય છે. તેના મનમાં રહેલા આવા કોઈ ઉદ્દેશ્યને રજૂ કર્યો હોય છે. એટલે કે વાક્ય રજૂ કરવા માટે તેની પાસે કોઈ પ્રયોજન હોય છે. પ્રયોજનમાં રહેલા વૈવિધ્યને આધારે વાક્યોના પ્રકાર પાડી શકાય છે. વક્તાના મનમાં રહેલા અનેક પ્રયોજનોને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય

1) માહિતીની આપલે
2) સીધી અથવા આડકતરી પ્રેરણા
3) ભાવની અભિવ્યક્તિ

આ ત્રણ પ્રયોજનોને આધારે વાક્યના પાંચ પ્રકારો પાડી શકાય :

1) માહિતી આપવી - નિર્દેશાર્થક
2) માહિતી મેળવવી કે ચકાસવી - પ્રશ્નાર્થક
3) સીધી પ્રેરણા આપવી - આજ્ઞાર્થક
4) આડકતરી પ્રેરણા - વિધ્યર્થ
5) ભાવની અભિવ્યક્તિ - ઉદ્ગારવાચક

- આ પાંચ પ્રકારને વિગતે ~~ચર્ચીએ~~ તપાસીએ.

1) <u>નિર્દેશાર્થક</u> <u>વાક્યરચના</u> :

નિર્દેશ કરવો એટલે જણાવવું. જ્યારે બોધક વાક્યના ઉપયોગ દ્વારા કોઈ બાબત જણાવે એટલે કે કોઈ બાબતનો નિર્દેશ કરે ત્યારે એ વાક્ય રચનાને નિર્દેશાર્થક વાક્યરચના કહેવાય છે. વાક્યરચનાઓમાં નિર્દેશાર્થક વાક્યરચના મૂળભૂત રચના છે. કારણ કે સામાન્ય રીતે ભાષાવ્યવહાર આ રચનામાં થાય છે. '<u>રીટા</u> <u>વાંચે</u> <u>છે</u>', '<u>રીટાથી</u> <u>વંચાય</u> <u>છે.</u>', '<u>પાંદડું</u> <u>પડ્યું</u>', 'મહેશ મુંબઈ જવાનો નથી.', 'મહેશ મુંબઈ જાય છે.' - વગેરે નિર્દેશાર્થક રચના છે.

નોંધ આગળ જોયું કે 'કર્તા - કર્મ - ક્રિયાપદ' એ ગુજરાતી ભાષાના વાક્યનો મૂળભૂત પદક્રમ છે. અને મૂળભૂત વાક્યરચનાનો પદક્રમ પણ એ જ હોય તે સ્વાભાવિક છે. એટલે કે નિર્દેશાર્થક વાક્ય '<u>કર્તા</u> - <u>કર્મ</u> - <u>ક્રિયાપદ</u>'ના ક્રમમાં રચાય છે.

વ્યવહારમાં સૌથી વધુ વપરાતી આ વાક્યરચનાનો લય સામાન્ય છે. વાક્યને અંતે લય ઉતરતી અવસ્થા - અવરોહની અવસ્થા હોય છે.

2) <u>પ્રશ્નાર્થક</u> <u>વાક્યરચના</u> :

જ્યારે વક્તાને કોઈ માહિતી મેળવવી હોય ત્યારે તે <u>શ્રોતાની</u> પાસે માંગે છે. માહિતી માંગવા માટે વપરાતી વાક્યરચનાને વાક્યરચના કહે છે

1) મહેશને શું ગમશે ? 2) મુનિ કેમ રડે છે. ?

3) નીલાએ સાડી ખરીદી લીધી ? (4) રમેશે જમી લીધું ?

આ બધી વાક્યરચના પ્રશ્નાર્થક છે. ઉપરનાં ઉદાહરણોમાં 1) <u>અને</u> (2) <u>માં</u> કોઈ માહિતી માંગવામાં આવી છે જ્યારે (3) અને (4) માં પહેલાં મળેલી અથવા અનુમાનિત માહિતીના સંદર્ભમાં ફક્ત 'હા' અથવા 'ના' માં જવાબ મળે એ રીતે <u>પ્રશ્નો</u> પુછાયા છે.

જ્યારે વિગતે માહિતી મેળવવી હોય ત્યારે ઉ.દા. (1) અને (2)ની જેમ પ્રશ્નાર્થ વાચક સર્વનામનો ઉપયોગ કરી પ્રશ્ન પૂછાયો છે. ઉ.દા. (1) માં '<u>શું</u>' દ્વારા મહેશને ગમતી વસ્તુ (કે ક્રિયા) વિશે માહિતી માંગવામાં આવી છે. ઉ.દા. (2)માં '<u>કેમ</u>' દ્વારા મુશ્કેલી થવાના કારણ વિશે માહિતી માંગવામાં આવી છે. '<u>શા માટે</u>' પણ કારણ જાણવા વપરાતું પ્રશ્નાર્થ સર્વનામ છે. 'કોણ' કર્તા જાણવા, કોનું, કોના, શું, શેને, 'શાનો, વગેરે કર્મ જાણવા માટે વપરાતા પ્રશ્નાર્થક સર્વનામ છે. 'ક્યાં' સ્થળ જાણવા અને 'ક્યારે' સમય જાણવા માટે વપરાય છે. 'કેવી રીતે' રીત જાણવા અને 'કેટલું' જથ્થો-સંખ્યા જાણવા માટે ઉપયોગમાં લેવાતાં પ્રશ્નાર્થક સર્વનામ છે. જ્યારે પ્રશ્નાર્થક સર્વનામનો ઉપયોગ થયો હોય ત્યારે સ્વાભાવિક રીતે જ સ્વરભાર પણ એ સર્વનામ પર હોય છે. પ્રશ્નાર્થક રચનામાં જ્યારે પ્રશ્નાર્થક સર્વનામનો ઉપયોગ કરવામાં આવે ત્યારે સર્વનામનું સ્થાન પદ પહેલાં આવે તે પદક્રમ સ્વાભાવિક લાગે છે. પછી તે કર્તા, કર્મ, કારણ - ગમે તેના સંદર્ભમાં હોય. દા.ત. 'ગીતાએ નીલા માટે સાડી ખરીદી' એવું વાક્ય હોય (ગીતા- કર્તા, નીલા - ગૌણકર્મ, સાડી - કર્મ) તો એમાંથી જુદા જુદા પ્રશ્નો આ રીતે કરી શકીએ.

1) નીલા માટે સાડી કોણે ખરીદી? (કર્તા)
2) ગીતાએ સાડી કોના માટે ખરીદી? (ગૌણ કર્મ)
3) ગીતાએ નીલા માટે શું ખરીદ્યું? (કર્મ)

મૂળ વાક્ય અનુસાર માત્ર ત્રીજા પ્રશ્નમાં જ 'સાડી'ના ક્રમની જગ્યાએ 'શું' આવે છે. પહેલા પ્રશ્નમાં 'ગીતા' ના ક્રમની જગ્યાએ જ પ્રશ્નાર્થક સર્વનામ મૂક્યું હોય તો 'કોણે નીલા માટે સાડી ખરીદી?' એવી રચના થાય. પણ રચના સ્વાભાવિક લાગતી નથી.

ઉ.દા. (1) અને (2) ના પ્રશ્નો પ્રશ્નાર્થવાચક સર્વનામને કારણે પ્રશ્નાર્થક રચના તરીકે અલગ પડે છે. પરંતુ ઉ.દા. (3) અને (4) ના પ્રશ્નોની રચના તો નિર્દેશાર્થક વાક્યરચના જેવી જ છે.

'નીલાએ સાડી ખરીદી લીધી.' અને 'નીલાએ સાડી ખરીદી લીધી ?'. માં પ્રશ્નાર્થચિહ્ન કાઢી નાખીએ તો કોઈ ફેર રહેતો નથી. વાક્યમાં પ્રશ્નાર્થચિહ્ન ન હોવાથી તે નિર્દેશાર્થક રચના છે. જ્યારે બીજા વાક્યમાં પ્રશ્નાર્થચિહ્ન હોવાથી તે પ્રશ્નાર્થક રચના છે. તો બોલવા-સાંભળવામાં આ રચનાઓ કઈ રીતે અલગ પડતી હશે તેવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. ભાષક આ તફાવત રચનાના વિશિષ્ટ લયને આધારે કરી શકે છે. નિર્દેશાર્થક વાક્યરચનાને અંતે વાક્ય-લય ઉતરતી અવસ્થામાં હોય છે. એટલે કે લયનો અવરોહ હોય છે. જ્યારે એ લય વાક્યને અંતે ચઢતી અવસ્થામાં હોય એટલે કે લયનો આરોહ હોય ત્યારે એ જ વાક્ય પ્રશ્નાર્થક બની જાય છે. આવા પ્રશ્નોના જવાબ હા-ના માં આપી શકાય છે.

કેટલાક પ્રશ્નોમાં તો વાક્યનો લય પણ નિર્દેશાર્થક વાક્ય જેવો જ હોય છે. પણ વાક્યને અંતે 'હેં ને?' 'નહીં?' 'ને?' વગેરેને ભાર આપી ઉચ્ચારીને પ્રશ્નાર્થક રચના બનાવાય છે.

ઉ.દા. નીલાની ખરીદી પૂરી થઈ ગઈ, હેં ને.?

મહેશે જમી લીધું ને ?

આવા પ્રશ્નાર્થ દ્વારા વક્તા પોતાને મળેલી માહિતીની ચકાસણી કરતો હોય છે. આવા પ્રશ્નોના જવાબ પણ હા-ના માં આપી શકાય છે.

## (૩) આજ્ઞાર્થક વાક્યરચના :-

આપણે આગળ માહિતીની આપલેના પ્રયોજનની સાથે પ્રેરણાના પ્રયોજનની વાત કરી હતી. જ્યારે વક્તા શ્રોતાને કોઈ કાર્ય માટે સીધી પ્રેરણા આપે ત્યારે તેને આજ્ઞાર્થક વાક્યરચના કહેવાય

દા.ત - મીના, અહીં આવ.

જગત, ભણવા બેસ.

અન્ય તમામ વાક્યરચનાઓમાં પહેલો પુરુષ, બીજો પુરુષ અને ત્રીજો પુરુષ-પ્રયોગ આવી શકે છે. જ્યારે આજ્ઞાર્થ વાક્યરચનામાં પ્રથમ પુરુષ અને બીજો પુરુષ બે જ હોય છે. પ્રથમ પુરુષ વક્તા આજ્ઞા આપનાર હોય છે. અને બીજો પુરુષ શ્રોતા આજ્ઞા સ્વીકારનાર હોય છે.

સામાન્ય રીતે વાક્યોમાં કર્તા-કર્મનો ક્રિયાપદ-આખ્યાત સાથે લિંગ-વચનનો પદસંવાદ હોય છે. અને ક્રિયાપદ સાથે કાળ-અર્થ અવસ્થાના પ્રત્યય હોય છે. સાથે કર્તા અનુસાર લિંગનો પદસંવાદ સધાતો નથી. પરંતુ એકવચન-બહુવચનનો પદસંવાદ સધાય છે.

દા.ત- મીતા! અહીં આવ.

છોકરીઓ! અહીં આવો.

છોકરાઓ! અહીં આવો.

## 4) વિધ્યર્થક વાક્યરચના :

જ્યારે અધિકારી રીતે પ્રેરણા અપાય ત્યારે વિધ્યર્થક વાક્યરચના બને છે. આ વાક્યરચનાનો ઉપયોગ સલાહ, વિનંતી, આચાર આદિ થાય છે

દા.ત. તારે ભણવું જોઈએ.

તમારે સમયસર જમી લેવું પડશે.

કેટલીક રચનાઓમાં કર્તાને ગૌણ બનાવીને વિધાનનું સામાન્યીકરણ કરવામાં આવે છે

દા.ત. લાઈનમાં ઊભા રહેવું

ધીંઘાટ કરવો નહીં

આ ઉપરાંત ઉપદેશાત્મક વાક્યો માટે પણ આ જ રચના ઉપયોગમાં લેવાય છે.

ઘ.ત. જૂઠું ન બોલવું. ચોરી ન કરવી. વગેરે.

## ૫) ઉદ્ગારવાચક વાક્યરચના :-

કોઈ માહિતી કે પ્રેરણા જેવા સાર્થ પ્રયોજન સિવાય પણ ભાષક ભાષા વાપરતો હોય છે. અને એ વપરાશ એટલે લાગણીની અભિવ્યક્તિ. સુખ, દુઃખ, આઘાત. આશ્ચર્ય વગેરે જેવા ભાવોની અનુભૂતિ સમયે ભાષકના મોંમાંથી બહુ સ્વાભાવિક રીતે હેં!, અરે!, વાહ!, હાય! વગેરે જેવા ઉદ્ગારો સરી પડતા હોય છે. તેવી આવી વાક્યરચનાને ઉદ્ગારવાચક વાક્યરચના કહે છે.

ઘ.ત - અરે વાહ! અંકિતના ૭૦% આવ્યા!
- હેં, નીતા નાપાસ થઈ!
- અહાહા! શું સુંદર દૃશ્ય!

ઉપરના ઉદાહરણમાં પહેલું વાક્ય નિર્દેશાર્થક રચના જેવું અને બીજું ~~અને~~ વાક્ય પ્રશ્નાર્થક જેવું લાગે છે. પણ જ્યારે ખરેખર આ વાક્યો બોલાય છે. ત્યારે લયને કારણે નિર્દેશાર્થક અને પ્રશ્નાર્થક રચના કરતાં અલગ પડી જાય છે. જો કે નિર્દેશાર્થકમાં આવતાં માત્રાસૂચક અને પ્રશ્નાર્થકમાં આવતાં પ્રશ્નવાચક સર્વનામ-બંને ઉદ્ગારવાચકમાં મળે છે.

ઘ.ત. - આજે આપણે કેટલું ફર્યા? - પ્રશ્નાર્થક રચના
- આજે આપણે ઘણું ફર્યા - નિર્દેશાર્થક રચના
- આજે આપણે કેટલું બધું ફર્યા! - ઉદ્ગારવાચક

પરંતુ ઉદ્ગારવાચક રચના માટે આ કાંઈ આવશ્યક બાબતો નથી. ક્યારેક તો ક્રિયાપદ પણ નથી હોતું.

દા.ત - ઓહ! તારું આ પરિણામ!

અરેરેરે! મારી પણ.....!

ઉદ્ગારવાચક રચનામાં ઘણીવાર નિર્દેશાર્થક અથવા પ્રશ્નાર્થક વાક્યરચનામાં આવતા જ શબ્દો હોય છે. પરંતુ પદક્રમ જુદો હોય છે જુદા પદક્રમના કારણે અન્ય રચનાઓથી ઉદ્ગારવાચક અલગ પડે છે.

દા.ત. એમને જવા દો - નિર્દેશાર્થક

જવા દો.... એમને! - ઉદ્ગારવાચક

એ વાત કેવી રીતે છોડી દઉં? - પ્રશ્નાર્થક

છોડી દઉં એ વાત! - ઉદ્ગારવાચક

આ ઉદાહરણો પરથી એ પણ ખ્યાલ આવે છે કે ઉદ્ગારવાચક રચનાઓ માટે ઉદ્ગારવાચકો (અરેરે!, ઓહોહો!, હાય!, હેં!, ઓહ! વગેરે) પણ અનિવાર્ય નથી.

ઉદ્ગારવાચક રચના ખરેખર તો અનુભવેલા ભાવ સાથે સંકળાયેલી છે. અને તેથી ભાવ અનુસાર તેનો લય હોય છે. શબ્દો, પદક્રમ વગેરે રચના જેવા જ હોય તો પણ તેના લયને કારણે તે ઉદ્ગારવાચક તરીકે અલગ પડી જાય છે. પરંતું લેખિત ભાષામાં - સાહિત્યિક ભાષામાં બોલવાની લય ન આવી શકતો હોવાથી તેને ભાવ સાથે સાંકળવા માટે પ્રયુક્તિઓ યોજવામાં આવે છે.

# કારકના મહત્વની દૃષ્ટિએ વાક્યપ્રકાર

→ ઝાડ પડ્યું.

→ માળીએ ઝાડ પાડ્યું.

→ માળી દ્વારા ઝાડ પાડવામાં આવ્યું.

→ રમેશે માળી પાસે ઝાડ પડાવ્યું.

ઉપરોક્ત વાક્યોમાં એક જ ઘટનાનું નિરૂપણ છે. છતાં બધાં જ વાક્યોની રજૂઆત અલગ છે. વક્તાની વિવક્ષા - ઇરાદા - ને કારણે આમ બન્યું છે. ક્યાંક કોઈ કારકનું મહત્વ વધાર્યું છે. - ક્યાંક ઘટાડ્યું છે. કારકના મહત્વ - ગૌણત્વને આધારે જુદી જુદી વાક્ય-રચનાઓ સંભવે છે. આ રચનાઓને ચાર પ્રકારમાં વહેંચી શકાય.

- → કર્તરિ વાક્યરચના
- → કર્મણિ વાક્યરચના
- → ભાવે રચના
- → પ્રેરક વાક્યરચના

1) કર્તરિ વાક્યરચના :

સામાન્ય રીતે કોઈ ક્રિયા થાય તેનો 'કરનાર' કોઈ હોય છે. તેને 'કર્તા' કહેવાય છે. જે વાક્યરચનામાં 'કર્તા' કારક પ્રધાન હોય તેને કર્તરિ વાક્યરચના કહેવાય છે. એ પણ મૂળભૂત વાક્યરચના છે.

'કર્તા' કારકની ચાર મુખ્ય શરત છે. (1) ક્રિયા પરનું નિયંત્રણ (૨) ચૈતન્ય (૩) સહેતુકતા (૪) જવાબદારી જે વાક્યમાં 'કર્તા' આ ચારે શરત પૂરી પાડી હોય તેને કર્તરિ વાક્યરચના કહેવાય.

આપેલા ઉદાહરણોમાં જોઈએ તો.

ઉ.દા. (1) 'ઝાડ પડ્યું'

અહીં 'પડવા' પર 'ઝાડ'નું નિયંત્રણ નથી. 'પડવા' માટે 'ઝાડ' નો કોઈ હેતુ નથી. માટે 'ઝાડ પડ્યું' માં 'ઝાડ' ને 'કર્તા' ન કહી શકાય.

ઉદા. (4) માં ક્રિયા કરનાર - ઝાડ કાપનાર - માળી છે પરંતુ એ ઝાડ પાડવા માટેની સહેતુકતા, જવાબદારી અને નિયંત્રણ તો 'રમેશ'માં છે. તેથી 'માળી' અહીં કર્તા નથી પરંતુ 'ઝાડ'પાડવા' માટેનું નિમિત્ત - ચેતન સાધન - છે

જ્યારે ઉદા. (2) માં 'ઝાડ પાડવા' પર 'માળી'નું નિયંત્રણ છે, તે ઈરાદાપૂર્વક પાડી રહ્યો છે. અને તેથી જવાબદારી પણ એની જ છે. તેથી આ વાક્ય કર્તરિ રચના છે.

'શાળાએ કિરણનું બહુમાન કર્યું'

વાક્ય જોઈએ તો 'શાળા' નિર્જીવ છે. છતા ચેતનત્વનું આરોપણ કરીએ તેને કર્તૃત્વ અપાયું છે. તેથી આ કર્તરિ વાક્યરચના છે.

⇒ કર્તરી વાક્યરચનામાં વર્તમાનકાળ અને ભવિષ્યકાળ માં કર્તા સાથે માત્ર 'વચન' નો જ પદસંવાદ સધાય છે પરંતુ ભૂતકાળમાં આખ્યાત જુદા જુદા પદ સાથે સંવાદ સાધે છે. જેમ કે અકર્મક રચના હોય ત્યારે કર્તાને આધારે આખ્યાત લિંગ-વચનના પ્રત્યય લે છે.

## અકર્મક રચના

દા.ત.

1) રમેશ દોડ્યો.
2) નીલા દોડી.
3) અમે દોડયાં.

⇒ સકર્મક રચના હોય ત્યારે આખ્યાત કર્મ સાથે પદસંવાદ સાધે છે.

દા.ત

1) રમેશ આઈસ્ક્રીમ ખાધો.
2) નીલાએ આઈસ્ક્રીમ ખાધો.
3) રમેશે કુલફી ખાધી.
4) અમે સૌએ કુલફી ખાધી.

⇒ દ્વિકર્મક રચના હોય ત્યારે આખ્યાન મુખ્ય કર્મ સાથે પદસંવાદ સાધે છે.

દા.ત. (1) નીલાએ મહેશને ચોપડી આપી.
2) નીલાએ મહેશને બે ચોપડી આપી.
3) મહેશે નીલાને ચોપડી આપી.
4) રમેશે ગીતાને ગુલાબ આપ્યું.
5) રમેશે ગીતાને ત્રણ ગુલાબ આપ્યાં.
6) ગીતાએ રમેશને હોર્ય આપ્યો.
7) ગીતાએ રમેશને હોય આપ્યાં.

નોંધ : મુખ્ય કર્મ જ્યારે સ્ત્રીલિંગ હોય ત્યારે એ.વ/બ.વ.ને આખ્યાતમાં સૂચવતો પ્રત્યય સરખો જ હોય છે. તેથી એ.વ/બ.વ. અલગ પડતાં નથી)

<u>નોંધ</u> કોઈપણ વાક્યમાં સામાન્ય રીતે કર્તા, કર્મ, અને ક્રિયાપદ હોય છે. જે વાક્યમાં કર્મ આવી જ ન શકે તેને <u>અકર્મક</u> વાક્ય કહે છે.

દા.ત. રમેશ દોડ્યો

→ જે વાક્યમાં એક કર્મ હોય તેને <u>સકર્મક</u> વાક્ય કહે છે.

દા.ત - રમેશે ખીર ખાધી.

→ જે વાક્યમાં એક મુખ્ય અને એક ગૌણ કર્મ હોય તેને <u>દ્વિકર્મક</u> વાક્ય કહે છે

દા.ત- રમેશે મોહનને પેન આપી.

⇒ અકર્મક, સકર્મક, દ્વિકર્મક વાક્યો કર્તરિ વાક્યરચનાઓ હોય છે.

⇒ **કર્મણિ વાક્યરચના :**

જ્યારે સકર્મક અને દ્વિકર્મક વાક્યોમાં કર્તાનું મહત્વ ઘટાડીને તેને ગૌણ કારક બનાવવામાં આવે અને કર્મને પ્રધાન/મુખ્ય કારક બનાવવામાં આવે ત્યારે તેને કર્મણિ વાક્યરચના કહે છે.

જેમ કે : 'રમેશે ખીર ખાધી.' એ કર્તરિ વાક્ય છે.

પણ આ વાક્યમાં 'ખાવા' - ક્રિયા પરનો 'રમેશ'- કર્તાનું નિયંત્રણ ઘટતા કાઢી નાખે તો 'રમેશ' ક્રિયાનો કરનાર હોવા છતાં કર્તા રહેતો નથી અને તેથી 'રમેશથી ખીર ખવાઈ', જેમાં કર્મણિ વાક્ય રચના મળે છે. જેમાં 'રમેશ' ને 'સાધન વાચક' - થી પ્રત્યય લાગે છે.

કર્તરિ રચનાની જેમ કર્મણિ રચનામાં વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં આખ્યાત 'કર્મ' સાથે માત્ર 'વચનનો' જ પદસંવાદ સાધે છે. ભૂતકાળમાં સકર્મક રચનામાં કર્મ સાથે અને દ્વિકર્મકમાં મુખ્ય કર્મ સાથે લિંગ-વચનનો પદસંવાદ સધાય છે.

⇒ **ભાવે રચના :**

આપણે આગળ જોયું કે સકર્મક કે દ્વિકર્મક વાક્યરચનામાં 'કર્તા' ને ગૌણ બનાવવાને કારણે કર્તરિ રચના કર્મણિ રચનામાં ફેરવાય છે. એજ રીતે અકર્મક કર્તરિ રચનામાં કર્તાને ગૌણ બનાવવામાં આવે ત્યારે એ વાક્યમાં કર્તા પ્રધાન કારક રહેતો નથી. અકર્મક રચના હોવાના કારણે 'કર્મ' કારક તો હોતો જ નથી. એટલે કર્તા અને કર્મ બંનેનું પ્રાધાન્ય ન હોવાથી વાક્યમાં ક્રિયાપદનું પ્રાધાન્ય રહે છે જેનું પ્રાધાન્ય ઘટવાથી જ્યારે ક્રિયાપદનું મહત્વ વધે ત્યારે વાળી વાક્યરચનાને ભાવે રચના કહેવાય છે

ઉ.દા. રમેશ આળસતો નથી - અકર્મક કર્તરિ રચના

- રમેશથી આળસાતું નથી - ભાવે રચના.

## ⇒ પ્રેરક વાક્યરચના

- જનક પત્ર લખ્યો
- રચનાએ જનક પાસે પત્ર લખાવ્યો.

આ વાક્યોમાં ક્રિયા કરનાર તો 'જનક' જ છે. પરંતુ પહેલા વાક્યમાં ક્રિયાની સહિષ્ણુતા, જવાબદારી, નિયંત્રણ 'જનક' માં હતા. જ્યારે બીજા વાક્યમાં 'રચના' ના છે. રચના ક્રિયા કરનાર નથી. પરંતુ ક્રિયા માટે પ્રેરનાર છે. તેના દ્વારા ક્રિયા કરવા માટે પ્રેરણા અપાય છે. તેથી તે પ્રેરકકર્તા છે. જ્યારે જનક ક્રિયા માટે પ્રેરીત છે તેથી એ પ્રેરિત કર્તા છે. તેથી એ પ્રેરિત કર્તા છે. આગળના લીધેલાં ઉદાહરણ જોઈએ તો 'રમેશે માળી પાસે ઝાડ કપાવ્યું' માં 'રમેશ' પ્રેરક કર્તા છે. અને 'માળી' પ્રેરીત કર્તા છે. આ વાક્યરચનામાં પ્રેરક કર્તાનું મહત્વ હોવાથી આ રચનાને પ્રેરક વાક્યરચના કહે છે.

## ⇒ રચનાની દૃષ્ટિએ વાક્યપ્રકાર :

રચનાની દૃષ્ટિએ વાક્યને બે પ્રકારમાં વહેંચી શકાય

1) સાદી રચના (2) મિશ્ર રચના

## ⇒ સાદી રચના :

જ્યારે વાક્યમાં એક પરિસ્થિતિ દર્શાવનારું એક જ ક્રિયાપદ હોય અને તેની સાથે એક કે તેથી વધુ નામપદ સંકળાય તેને સાદી વાક્યરચના કહેવાય

દા.ત. સુરેશ પત્ર લખે છે.
નરેશ દોડ્યો.

પહેલા ઉદા. માં 'લખવાની' ક્રિયાનો નિર્દેશ થયો છે. આ ક્રિયા સાથે કર્તા કારક 'સુરેશ' અને 'કર્મ કારક' 'પત્ર' સંકળાયેલા છે. બીજા ઉદા. માં 'દોડવાની' ક્રિયા સાથે કર્તા કારક 'નરેશ' સંકળાયેલા છે. તેથી આ બંને સાદી વાક્યરચના છે.

સાદી વાક્યરચનામાં નામપદ સાથે વિશેષણો કે ક્રિયાપદ સાથે ક્રિયાવિશેષણો આવી શકે છે. કર્તા, કર્મ, તરીકે એકથી વધુ નામપદ આવી શકે છે, પરંતુ ક્રિયાપદ એક જ હોય છે.

દા.ત - 'સુંદર નિશા કાળા પોશાકમાં વધુ સુંદર દેખાતી હતી.

અહીં બે સંજ્ઞા છે 'નિશા', 'પોશાક' બંનેના વિશેષણ પણ છે. તેથી બે નામપદ છે. ક્રિયાવિશેષણ પણ છે. માત્રા સૂચક અને ગુણસૂચક, પરંતુ ક્રિયાપદ એક જ છે. તેથી આ સાદી વાક્ય રચના છે.

⇒ મિશ્ર <u>વાક્યરચના</u>

જ્યારે વાક્યમાં એકથી વધુ પરિસ્થિતિઓનું નિરૂપણ થયું હોય; એકથી વધુ ક્રિયાવિધાન હોય ત્યારે તેને મિશ્ર વાક્યરચના કહેવાય છે. મિશ્રવાક્યરચનાને બે પ્રકારમાં વહેંચી શકાય

(અ) <u>સંયુક્ત રચના</u> (બ) <u>સંકુલ</u> <u>વાક્યરચના</u>

⇒ (અ) સંયુક્ત <u>વાક્યરચના</u>

જ્યારે એક વાક્યના બે ક્રિયાવિધાન વચ્ચે સરખો જ સંબંધ હોય ત્યારે તેને સંયુક્ત વાક્યરચના કહેવાય છે.

- આ વાક્યરચનામાં બંને ક્રિયાવિધાન મુખ્ય છે.

દા.ત. રામ અને સીતા વનમાં ગયા.

→ રામ વનમાં ગયા.

→ સીતા વનમાં ગયા.

અહીં એક જ પરિસ્થિતિમાં સંકળાયેલા બે કારકોને લેખા કર્યા છે.

દા.ત. નીલાએ શાક સમાર્યું અને હાર બાંધ્યો.
- નીલાએ શાક સમાર્યું.
- નીલાએ હાર બાંધ્યો.

વાક્યમાં એક જ કર્તા કારક બે ક્રિયા સાથે સંકળાયેલો છે. અને બંને રચના મુખ્ય જ છે. બંનેનો મોભો સરખો જ છે. આ રીતે જે વિકલ્પ અપાયો હોય, પર્યાયવાચી વાક્યો અપાયાં હોય ત્યારે બંને વાક્યોનો દરજ્જો સરખો જ હોય છે. તેથી આવા વાક્યોને સંયુક્ત વાક્યો કહેવાય છે.

(બ) <u>સંકુલ</u> <u>વાક્યરચના</u> :

જ્યારે એક વાક્યમાં આવેલા એકથી વધુ ક્રિયા-વિધાનોમાં તમામનો દરજ્જો સરખો ન હોય. એક ક્રિયાવિધાન મુખ્ય હોય; અન્ય ગૌણ હોય ત્યારે તે વાક્ય રચનાને સંકુલ વાક્યરચના કહેવાય છે.

ખાસ કરીને શરત અથવા કાર્યકારણના સંબંધે બે વાક્યો જોડાયા હોય ત્યારે એક ગૌણ હોય અને એક પ્રધાન હોય છે. દા.ત. <u>તેમની તબિયત સારી હતી તેથી તેમણે મરતા સુધી કામ કર્યું.</u> આ વાક્યમાં '<u>તેમની તબીયત સારી હોવાથી</u>' - આ વાતને એમની તબીયત સારી હતી તેથી-એ રૂપે વ્યક્ત કરી છે. આ બાબત કારણરૂપે આવી છે. અને તેનું પરિણામ '<u>તેમણે મરતાં સુધી કામ કર્યું</u>' - એ મુખ્ય વાક્ય છે.

દા.ત.
'જો હું વડોદરા જત તો તમારું કામ થાત'

આ વાક્યમાં 'તમારું કામ થાત' એ મુખ્ય વાક્ય છે. (કેટલાકને પ્રશ્ન થશે કે 'જો હું વડોદરા ગયો હોત તો તમારું કામ થાત' એ વાક્ય આગળના વાક્યથી કઈ રીતે જુદું છે?)

ઉપર છલ્લી રીતે સરખા લાગતાં વાક્યોમાં તફાવત સ્પષ્ટ છે. બીજા વાક્યમાં 'ગયો' ભૂતકાળનો શબ્દ છે. 'ગયો હોત' નો અર્થ છે 'વડોદરામાં હોત' અને 'જત' નો અર્થ છે 'જવાનું થયું હોત' - ગયા હોઉં અને જઉં ઉપરથી ગયો હોત અને જત આવ્યા છે. તે સમયના તફાવત સમય

નોંધવું જોઈએ કે ગૌણ વાક્ય સાથે સંયોજકો જોડાયેલાં રહે છે. સૌથી પહેલા વાક્યમાં 'ત્યાં' સંયોજકને અને પછીના વાક્યોમાં 'જો.... તો' સંયોજકોને અનુક્રમે (1) તેમણે મરતા સુધી કામ કર્યું અને (2) તમારું કામ થાત. વાક્યો સાથે કોઈ જ સંબંધ નથી

* * * * *

સ્થાપના ૧૮૯૩

सत्यमेव जयते

# ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ

એલીસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

(ગુજરાત સરકાર)

(NAAC Accredited Grade 2.83)

ફોન : ૦૭૯-૨૬૪૪૬૦૩૦ ફેક્સ : ૦૭૯-૨૬૪૪૬૦૩૦ ઈમેલ : gasoprin@gmail.com


## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે એમ.એ.– 5 માં અભ્યાસ કરતાં વસાવા દિવ્યેશભાઈ રામસિંગ અને તેની ટીમ દ્વારા 'ગુજરાતી ભાષાનું વાક્યતંત્ર' વિષય કાર્ય પરનો પ્રોજેક્ટ સંતોષકારક રીતે પૂર્ણ કરેલ છે. તેમનું આ કાર્ય સમાજને ઉપયોગી નીવડશે. તેમના આ વિદ્યાકીય અભ્યાસ બદલ તેઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.